સુવિચાર
પડવામાં નાનપ નથી, પણ પડયા રહેવામાં નાનપ છે...

RNI Reg. GUJGUJ/2010/44893

ચોથી જાગીરનો પડકાર

# મુખ્ય સમાચાર

MUKHYA SAMACHAR (DAILY EVENING)
mukhyasamachardaily@gmail.com

સાંધ્ય દૈનિક



સરધારમાં પુર્વ ઉપસરપંચની ત્રિકમના ઘા ઝીંકી ક્રુર હત્યાઃ રાજસ્થાની શખ્સ ફરાર P-4

Year-16, Issue-39 ■ DATE : 23-05-2025 FRIDAY ■ Retail Selling Price : Rs. 3/- ■ Page-4 ■ DAILY EVENING (MONDAY TO SATURDAY) Language : GUJARATI

# દેશના ૩૧ રાજયોમાં વરસાદ અને આંધીનું એલર્ટ

**ઉત્તર પ્રદેશમાં વરસાદનો કહેર જારીઃ ૫૮ લોકોના મોતઃ ગુજરાત માટે હવામાન વિભાગે સાત જીલ્લામાં યલો એલર્ટ જારી કર્યુઃ ચોમાસાનું આગમન વહેલુ, રવિવાર સુધીમાં જ કેરળનાં કાંઠે એન્ટ્રી લેશે**



**મુખ્ય સમાચાર, નવીદિલ્હી**

અરબી સમુદ્રમાં આકાર લઈ રહેલી સાયકલોનીક સિસ્ટમ વચ્ચે દેશના મોટાભાગનાં ક્ષેત્રોમાં હવામાન પલટાનાં સંકેતો છે. હવામાન વિભાગ દ્વારા દેશનાં ૩૧ રાજયો-કેન્દ્ર શાસીત પ્રદેશમાં વરસાદ-આંધીનુ એલર્ટ જારી કરવામાં આવ્યુ છે.

ઉતર પ્રદેશમાં ઝંઝાવાત-વરસાદનો કહેર જારી રહ્યો હોય તેમ ૨૮ જીલ્લાઓમાં તાંડવ સર્જાયુ હતું અને છેલ્લા બે દિવસ દરમ્યાન વિજળી પડવાઝાડ-દિવાલ પડવા સહિતની અનેકવિધ વરસાદી દુર્ઘટનામાં ૫૮ લોકોના મોત નીપજયા હતા. ફિરોઝાબાદમાં તેજ આંધીમાં પતરૂ ઉડતા એક મહિલાનું ગળુ કપાઈ ગયુ હતું. રાજયના ૩૯ જીલ્લાઓમાં વરસાદ-આંધીનું એલર્ટ જાહેર કરાયું છે.

છતીસગઢમાં પણ તોફાની હવામાનમાં ચાર લોકોનાં મોત નીપજયા હતા.આજે ૧૦ જીલ્લામાં વરસાદી તોફાનનું એલર્ટ આપવામાં આવ્યુ છે. જમ્મુ-કાશ્મીરમાં પણ મોસમનો માર હતો.વાસ્તવિક અંકુશ રેખા નજીક અનેક સ્કુલો ધરાશાયી થઈ હતી અને સૈન્ય દ્વારા રેસ્કયુ ઓપરેશન હાથ ધરવામાં આવ્યુ હતું. રેસ્કયુ ઓપરેશન હાથ ધરવામાં આવ્યું હતું.

પાટનગર દિલ્હીમાં પણ તોફાની વરસાદ-આંધી ફુંકાયા જ હતા. તેમાં વિમાનીથી માંડીને મેટ્રો સહિતની સેવાઓ પ્રભાવીત થઈ હતી. હવામાન વિભાગનાં રીપોર્ટ પ્રમાણે જમ્મુ-કાશ્મીર, લદાખ, હિમાચલ પ્રદેશ, ઉતરાખંડ, ઉતરપ્રદેશ, બિહાર, ઝારખંડ, ઓડીશા, પશ્ચિમ બંગાળ, આસામ, મેઘાલય, અરૂણાચલ પ્રદેશ, મણીપુર, મિઝોરમ, નાગાલેન્ડ, ત્રિપુરા, સિકકીમ, રાજસ્થાન, મધ્યપ્રદેશ, ગુજરાત, મહારાષ્ટ્ર, ગોવા, કર્ણાટક, કેરળ, તામીલનાડુ, પુડુચેરી, આંધ્રપ્રદેશ, તથા તેલંગાણામાં આંધી-વરસાદનું એલર્ટ અપાયું છે.

ગુજરાત માટે હવામાન વિભાગે સાત જીલ્લામાં યલો એલર્ટ જારી કર્યુ છે તા.૨૫ સુધી ભારેથી અતિભારે વરસાદની ચેતવણી આપવામાં આવી છે. જેમાં સોમનાથ, અમરેલી, ભાવનગર, આણંદ, ભરૂચ, નર્મદા તથા છોટા ઉદેપુરનો સમાવેશ થાય છે.

ભારતમાં ચોમાસાનું આગમન વહેલુ છે અને રવિવાર સુધીમાં જ કેરળનાં કાંઠે એન્ટ્રી લઈ લેશે તેવુ હવામાન વિભાગે જાહેર કર્યુ છે.હવામાન વિભાગનાં રીપોર્ટ મુજબ નૈઋત્ય ચોમાસુ નિર્ધારીત ટ્રેક પર આગળ વધી રહ્યું છે અને બે દિવસમાં જ ભારતમાં પ્રવેશ મેળવી લેશે. ગત વર્ષની સરખામણીએ પાંચ દિવસ વહેલુ રહેશે.

ચોમાસાનાં આગળ ધપવા માટેની પરિસ્થિતિ અનુકુળ છે.અને અનુમાન મુજબ જ આગળ વધી રહ્યું હોવાથી ૨૫ મી મે અર્થાત રવિવાર સુધીમાં કેરળનાં કાંઠેથી એન્ટ્રી લઈ લેશે.

ભારતમાં ચોમાસાનું સમસર આગમન અનેક ક્ષેત્રો માટે મહત્વનુ હોય છે. જુનથી સપ્ટેમ્બરની ચોમાસુ સિઝનમાં જ ૭૦ ટકા વરસાદ વરસી જતો હોય છે. કૃષિ જેવા ક્ષેત્રોમાં આ વરસાદ નિર્ણાયક રહે છે જળાશયો ભરાવા તથા તેનાથી સિંચાઈનું પાણી મળવામાં મુખ્ય રોલ રહે છે કૃષિ અને તેના આધારે અર્થતંત્ર માટે પણ નિર્ણય હોય છે.

## નીટ પીજી માટે કાઉન્સેલીંગ પહેલા ચાર્જ વસુલીનો ખુલાસો કરવો ફરજીયાતઃ સુપ્રિમ

**મુખ્ય સમાચાર, નવીદિલ્હી**

સુપ્રિમ કોર્ટે પીજી મેડીકલ કોર્સમાં મોટા પ્રમાણમાં સીટ બ્લોક કરવાના ચલણ પર ચિંતા વ્યકત કરી છે. તેને રોકવા માટે કોર્ટે બધી ખાનગી અને ડીમ્ડ યુનિવર્સીટીઓને રાષ્ટ્રીય પાત્રતા સહ પ્રવેશ પરીક્ષા સ્નાતકોતર (નીટ પીજી) માટે કાઉન્સેલીંગ પહેલા ચાર્જ વસુલીનો ખુલાસો કરવા ફરજીયાત કર્યો છે.

જસ્ટીસ પારડીવાલા અને આર.મહાદેવનની પીઠે હાલમાં જ પસાર કરેલ પોતાનાં નિર્ણયમાં સીટ બ્લોક કરવા પર કડક દંડનો આદેશ આપ્યો છે જે અંતર્ગત સીટ બ્લોક કરનાર છાત્રોની સુરક્ષા જમા રકમ (સિકયોરીટી ડિપોઝીટ) જપ્ત કરવામાં આવશે. સાથે સાથે તેમને ભવિષ્યની



નીટ-પીજી પરીક્ષાઓ માટે અયોગ્ય જાહેર કરવામાં આવશે.

મિલી ભગતમાં દોષિત કોલેજને બ્લેક લિસ્ટમાં નાખવામાં આવશે. બેન્ચે જણાવ્યું હતું કે મેડીકલ કોલેજોમાં સીટ રોકવાની કુપ્રથા સીટની વાસ્તવિક ઉપલબ્ધતાને વિકૃત કરી દે છે આ કારણે છાત્રો વચ્ચે અસમાનતાને પ્રોત્સાહન મળે છે.

આ પ્રક્રિયા યોગ્યતાના બદલે સંયોગ-આધારીત બનાવી દે છે. કોર્ટે આ ફેંસલો યુપી સરકાર અને ચિકિત્સા શિક્ષણ તેમજ પ્રશિક્ષણ મહા નિર્દેશક લખનૌ તરફથી દાખલ અરજી પર આપ્યો છે. તેમાં અલાહાબાદ હાઈકોર્ટે દ્વારા ૨૦૧૮ માં પસાર એક નિર્ણયને પડકારાયો હતો.

જસ્ટીસ પારડીવાલા દ્વારા લખાયેલા ફેસલામાં કહેવાયું છે કે સીટ બ્લોક કરવી માત્ર ખોટુ જ કામ નથી. બલકે તે પારદર્શિતાની કમી અને નબળી નીતિ પ્રવર્તનની સાથે સાથે પ્રણાલીગત ખામીઓને પણ દેખાડે છે.

## કેન્દ્ર સરકારના કર્મચારીઓ માટે આનંદના સમાચારઃ ટુંક સમયમાં આઠમુ પગાર પંચ રચાશે

**મુખ્ય સમાચાર, નવીદિલ્હી**

કેન્દ્ર સરકારના કર્મચારીઓ માટે બહુ જલ્દી સારા સમાચાર આવી શકે છે. કેન્દ્ર સરકારે અગાઉ કરેલી જાહેરાત મુજબ હવે ૮મું પગાર પંચ રચાશે જેની જાહેરાત ટુંક સમયમાંજ થશે. કેન્દ્ર સરકાર ટુંક સમયમાં પંચના અધ્યક્ષ સહિતના સભ્યોની જાહેરાત કરશે તેની સાથે તેની કામકાજની રૂપરેખા ટર્મ- ક્ધડીશન્ડ પણ નિશ્ચિત કરશે. વાસ્તવમાં નવા પગારપંચની રચના એપ્રિલ માસના અંત સુધીમાં જવાની જ હતી પણ પહેલગામ હુમલાએ સરકારને અન્ય પ્રાયોરીટી ભણી જવુ પડયુ હતું.

સામાન્ય રીતે નવું પગાર પંચ ૧૨ માસમાં તેનો રિપોર્ટ આપે છે અને ત્રણ થી ચાર માસમાં કેન્દ્ર સરકાર




તેના પર નિર્ણય લે છે. સાતમા પગાર પંચનો અમલ ૧ જાન્યુ. ૨૦૧૬ના થયો હતો તે ૧૦ વર્ષ માટે હતો. આમ ૩૧ ડિસે. ૨૦૨૫ના સાતમા પગાર પંચની મુદત પુરી થાય છે.

જેના કારણે આગામી વર્ષના મધ્ય બાદ નવા પગારપંચની ભલામણો પર નિર્ણય લેવાય અને તે ૧ જાન્યુ. ૨૦૨૬થી અમલમાં આવશે. જેમાં વિલંબના સમયના એરીટર્સ મળશે. પગાર પંચ કેન્દ્ર અને તેની સાથે જોડાયેલા નિગમો સહિતની કેન્દ્ર સરકારના અંકુશ હેઠળના ક્ષેત્રોના કર્મચારીઓના પગાર, ભથ્થા, એલાઉન્સ વિ. નિશ્ચિત કરે છે.

એક વખત કેન્દ્ર તેને અમલી બનાવે પછી રાજયોને તેના અમલની ફરજ પડશે. હાલ ૫૦ લાખથી વધુ કેન્દ્રીય કર્મચારીઓ તથા ૬૫ લાખથી વધુ પેન્શનર્સ સાતમા પગારપંચનો લાભ ઉઠાવે છે.

જેમાં બેઝીક પગાર જે હાલ રૂા.૧૮૦૦૦ છે તે હાલના મોંઘવારી ભથ્થા વિ. ઉમેરીને રૂા.૮૦૦૦૦ સુધી પહોંચી શકે છે અને મોંઘવારીની ગણતરી નવેસરથી શરૂ થશે. સાતમા પગાર પંચની રચના બાદ ડીએ જે ૨% હતું તે હવે ૫૫% થઈ ગયુ છે. સરકાર ફિટમેન્ટ કેટલું લાગુ કરે છે તેના પર આધાર છે. જો તે ૧.૯૨ થી ૨.૮૬ સુધીનું હોઈ શકે છે.

## હાર્વર્ડમાં તમામ વિદેશી વિદ્યાર્થીઓના પ્રવેશ પર રોક

### યુનિવર્સિટીએ ૭૨ કલાકમાં માનવી પડશે ૬ શરતો

**મુખ્ય સમાચાર, વોશિંગ્ટન**

અમેરિકામાં વિશ્વની સૌથી પ્રતિષ્ઠિત ગણાતી હાર્વર્ડ યુનિ.નું કરમુક્તિ સ્ટેટસ પાછું ખેંચી લીધા બાદ પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે હવે આ યુનિ.માં વિદેશી વિદ્યાર્થીઓને પ્રવેશ પર પણ પ્રતિબંધ મુકી દીધો છે. અમેરિકાની આંતરિક સુરક્ષા એજન્સી હોમલેન્ડ સિકયોરીટી દ્વારા આ યુનિ.માં યહુદી વિરોધી માનસિકતા ધરાવતા વિદ્યાર્થીઓ, પ્રોફેસરો, રીસર્ચ વિ. સામે જે તપાસ ચાલી રહી છે તેના ભાગરૂપે આ પ્રતિબંધ લાદી દેવાયો છે.

જેના કારણે ભારત સહિતના દેશોના પ્રતિભાશાળી વિદ્યાર્થીઓ હવે આ યુનિ.માં એડમીશન લઈ શકશે નહી. આ ઉપરાંત હાર્વર્ડ યુનિ. હવે વિદેશી વિદ્યાર્થીઓના



એકસચેંજ પ્રોગ્રામ કે પછી વિઝીટીંગ ફેલો પ્રોગ્રામમાં પણ ભાગ લઈ શકશે નહી.

બીજી તરફ હાલ આ યુનિ.માં જે વિદેશી વિદ્યાર્થીઓ છે. તેઓએ પોતે અન્ય યુનિ.માં શીફટ થવાનું રહેશે અથવા તો તેઓ કાનુની રીતે કઈ રીતે અમેરિકામાં રહી શકે છે તે નિશ્ચિત કરવાનું રહેશે. નહીતર તેઓને પરત જવાનું રહેશે.

હોમલેન્ડ સિકયોરીટીએ ગઈકાલે જ હાર્વર્ડ પર આરોપ મુકયો કે તે અમેરિકા વિરોધી માનસિકતાને શરણ આપે છે. યહુદી વિદ્યાર્થીઓ પર હુમલાથી એક અસુરક્ષિત વાતાવરણ બનાવ્યુ છે.

તથા ચીનની કોમ્યુનીસ્ટ પાર્ટી સાથે પણ તે સહયોગ કરે છે. આ યુનિ.એ એક ચીની અર્ધસૈનિક સમૂહને આમંત્રણ આપીને તેની યજમાનગીરી કરી હતી અને તેઓને અભ્યાસ વિ.ની વ્યવસ્થા કરી આપી હતી.

આ યુનિ.માં હિંસક અને ખાસ કરીને યહુદી વિરોધી ગતિવિધિ વધી છે. હમાસ માનસિકતાને સમર્થન આપે છે અને વિદેશી વિદ્યાર્થીઓની પુરી માહિતી પણ સરકારને આપતી નથી. જ

યા સુધી હાર્વર્ડ આ તમામ પ્રશ્નોમાં સંતોષકારક જવાબ આપી શકશે નહી ત્યાં સુધી આ પ્રતિબંધ લાગુ રહેશે. હાર્વર્ડને આ માટે ૭૨ કલાકનો સમય આપ્યો છે. ટ્રમ્પ શાસનના આ નિર્ણયથી અહી અભ્યાસ કરતા ૧૦૦૦થી વધુ ભારતીય વિદ્યાર્થીઓ રીસર્ચરને અસર હશે. આ યુનિ.માં ૧૦૦ દેશોમાંથી વિદ્યાર્થીઓ ભણવા આવે છે.

## મહેસાણાના વિજાપુર નજીક નિર્માણ કાર્ય દરમિયાન દીવાલ ધસી પડતાં ૬ મજૂરો દટાયાઃ ૩ના મોત

**મુખ્ય સમાચાર, મહેસાણા**

મહેસાણા જિલ્લાના વિજાપુર તાલુકાના સુંદરપુર ગામે મોટી દુર્ઘટના સર્જાઇ છે. જેમાં મકાનના બાંધકામ દરમિયાન દીવાલ ધસી પડતાં ૬ શ્રમિકો દટાયા હતા. આ દુર્ઘટનામાં ૩ શ્રમિકોના મોત નીપજ્યા છે, જ્યારે ૩ શ્રમિકોને ઇજા પહોંચી છે. હાલ ઇજાગ્રસ્તોને સારવાર અર્થે હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવ્યા છે. દીવાલ ધસી પડવાની ઘટનાની જાણ થતાં ગ્રામજનોના ટોળેટોળા ઉમટી પડ્યા હતા. ૧૦૮ની ટીમ પણ ઘટનાસ્થળે પહોંચી ગઇ છે.



પ્રાપ્ત માહિતી અનુસાર સુંદરપુર ગામમાં મહાદેવવાળા વાસ વિસ્તારમાં મકાનના બાંધકામનું કામકાજ ચાલી રહ્યું હતું. આ દરમિયાન અચાનક દીવાલ ધસી પડી હતી અને ૬ મજૂરો દટાયા હતા. આ દુર્ઘટનામાં ૩ મજૂરોના મોત નીપજ્યા છે, જ્યારે ૩ મજૂરો ઇજાગ્રસ્ત થયા છે. તમામ મજૂરોને બહાર કાઢી લેવામાં આવ્યા છે. ઇજાગ્રસ્તોને વિજાપુર સિવિલ હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવ્યા છે.

## બાંગ્લાદેશમાં હવે ફરી એક વખત સતા પલટાના સંકેત

### પ્રમુખ મોહમ્મદ યુનુસ રાજીનામુ આપવા તૈયાર

**મુખ્ય સમાચાર, ઢાંકા**

ભારતના પાડોશી બાંગ્લાદેશમાં હવે ફરી એક વખત સતા અલગના સંકેત છે. દેશમાં શેખ હસીના સરકારની વિદાય બાદ વચગાળાના અમલ માટે વડાપ્રધાન બનેલા મોહમ્મદ યુનુસ દેશમાં નવી ચુંટણીમાં તથા લોકશાહી માર્ગ આગળ ધપવામાં નિષ્ફળ ગયા હોવાનું જણાવી આ દેશનું શક્તિશાળી સૈન્યએ હવે મોહમ્મદ યુનુસને નોટીસ પર મુકી દીધા છે.

સરકાર કયારે નવી ચૂંટણીઓ કરાવવા માંગે છે તેનો રોડમેપ જાહેર કરવા જણાવાયુ છે તો બીજી તરફ અગાઉના શાસક અવામી લીગને પુરી



રીતે ખત્મ કરવામાં પણ યુનુસ સરકારને સફળતા મળી હતી અને રાજકીય માહોલ પણ અનિશ્ચિત બની ગયો છે.

તેની મોહમ્મદ યુનુસ રાજીનામુ આપીને વધુ એક વચગાળાની સરકારની રચનાનો માર્ગ ખુલ્લો કરી શકે છે. હાલ મુખ્ય સલાહકાર તરીકે કામ કરતા યુનુસ તમામ રાજકીય પક્ષોને સાથે રાખી શકયા નથી.

ખુદ લાંબાગાળા માટે સતા માટે તૈયાર હોવાના સંકેત આપતા જ સૈન્યએ તે સ્થિતિ ચકાસી છે. ખુદ યુનુસે પણ સ્વીકાર્યુ કે જો દેશના રાજકીય પક્ષો ઈચ્છતા હોય તો તેઓ રાજીનામુ આપવા તૈયાર છે.

## રાજકોટ મનપાનું ડિમોલિશનઃ ૫ દુકાન અને ૧ મકાન તોડી પડાયા

**મુખ્ય સમાચાર, રાજકોટ**

રાજકોટ મહાનગરપાલિકાના કમિશનર તુષાર સુમેરા તથા નાયબ મ્યુનિસિપલ કમિશનર મનીષ ગુરવાનીના માર્ગદર્શન તથા સિટી એન્જિનિયર એમ. આર. શ્રીવાસ્તવના નિર્દેશન હેઠળ ગઈકાલે (૨૨ મે) પૂર્વ ઝોનમાં આવેલ વોર્ડ નં.૫માં માલધારી સોસાયટી, ભવાની રોડવેઝ વાળી શેરીમાં ગેરકાયદે. બાંધકામ દુર કરવા માટે ટાઉન પ્લાનિંગ શાખા દ્વારા ડિમોલિશનની કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી. જેમાં વોર્ડ નં.૫માં આવેલ માલધારી સોસાયટી, ભવાની રોડવેઝ વાળી શેરીમાં અન-અધિકૃત રહેણાંક અને વાણિજ્ય હેતુથી બનાવવામાં આવેલ ૫ દુકાન અને ૧ મકાનનું બાંધકામ દુર કરવામાં આવ્યું છે.

જ્યારે આજે સવારના ટાઉન પ્લાનિંગ શાખા દ્વારા અનઅધિકૃત બાંધકામને દુર કરવા ડિમોલિશનની કામગીરી હાથ ધરવામાં આવી છે. ટાઉન પ્લાનિંગ શાખા દ્વારા ૨૬૦(૨) નોટિસ પાઠવી કાર્યવાહી કરવામાં આવી છે. જેમાં અંબિકા ટાઉનશીપ મુખ્યમાર્ગ ૩ના ખૂણે વસંત વાટિકા ખાતે વાણિજ્ય હેતુ માટે ગેરકાયદેસર બાંધકામ ધ્યાને આવતા પ્રથમ કલમ ૨૬૦(૧) મુજબની નોટિસ પાઠવવામાં આવી તેમ છતાં ગેરકાયદેસર બાંધકામ દુર કરવામાં ન આવતા ૨૬૦(૨)ની નોટિસ પાઠવવામાં આવી હતી. જેના આધારે આજરોજ વાણીજ્ય હેતુનું અંદાજીત ૧૫૦ ચો.મી.નું બાંધકામ દુર કરવામાં આવ્યું છે.

## પાકિસ્તાન માત્ર ભારત માટે જ નહિ પરંતુ પુરી દુનિયા માટે ખતરો

**મુખ્ય સમાચાર, મોસ્કો**

પહેલગામ આતંકી હુમલા બાદ ભારતે ઓપરેશન સિંદુર અભિયાન અંતર્ગત પાકિસ્તાનનાં આતંકી અડ્ડાઓને ધ્વસ્ત કર્યા બાદ પાકિસ્તાનની દુનિયાભરમાં પોલ ખોલવાનાં ભાગરૂપે ડીએમકે સાંસદ કનીમોઝીની આગેવાનીમાં એક સર્વદલીય પ્રતિનિધિ મંડળ રશીયા આવી પહોંચ્યુ હતું.

સર્વદલીય પ્રતિનિધિ મંડળનાં નેતાઓએ આતંકવાદ સામે લડવા માટે ભારતના વણલનું પ્રતિનિધિત્વ કરવા માટે પોતાની દ્રઢ પ્રતિબદ્ધતા વ્યકત કરી હતી અને રશિયાનાં સમર્થનની પ્રસંસા કરી હતી. દરમ્યાન સમાજવાદી પાર્ટીના નેતા રાજીવરાયે કહ્યું હતું કે રશીયા આપણું ઐતિહાસીક મિત્ર છે જે દરેક



પરિસ્થિતિમાં આપણી સાથે ઉભુ રહ્યું છે.

રાજીવ રાયે જણાવ્યું હતું કે પાકિસ્તાન માત્ર ભારત માટે જ નહિ બલકે પુરી દુનિયા માટે ખતરો છે. કારણ કે દુનિયામાં એવી કોઈ આતંકવાદી ઘટના નથી બની, જેના તાર પાકિસ્તાન સાથે જોડાયેલા ન હોય.

આ તકે ડીએમકે સાંસદ કનીમોઝીએ કહ્યું હતું કે જયારે આપણે આતંકવાદી હુમલામાં ૨૬ લોકોના જીવ ગુમાવી દઈએ છીએ ત્યારે રશીયાનો સંપર્ક ખુબ જ જરૂરી બની જાય છે. આપણે રાષ્ટ્રાધ્યક્ષોએ હંમેશા મહત્વના મુદા પર એક સાથે કામ કર્યા છે.

ભલે તે વૈશ્વિક મહત્વનું હોય કે ભારત અને રશીયાનાં હિતનુ હોય આ સમયે રશીયાનો સંપર્ક કરવો ખુબ જ મહત્વનો બની જાય છે. મોસ્કોના ડોમોડોવો એરપોર્ટ પર પહોંચેલા સાંસદ કનીમોઝી કરૂણાનિધિ રાજીવરાવ, પ્રેમચંદ ગુપ્તાનું ભારતના રાજદુત વિનયકુમારે સ્વાગત કર્યુ હતુ આ સર્વદલીય પ્રતિનિધિ મંડળે આતંકવાદ પ્રત્યે ઝીરો ટોલરન્કસ અપનાવશે તેમ જણાવ્યું હતું.

# ટંકારા ખજુરા હોટલના ગ્રાઉન્ડમાં આંગડીયા પેઢીની કારને નિશાન બનાવી ૯૦ લાખની લુંટ કરનાર બે આરોપી ગણતરીના કલાકોમાં પકડાયા

## ટંકારા પોલીસ અને એલ.સી.બી. ટીમે કરી ઝડપી કાર્યવાહી; ૮૧.૫૦ લાખના મુદામાલ સાથે બે આરોપી ઝડપાયા, અન્ય પાંચની શોધખોળ

**મુખ્ય સમાચાર, મોરબી**

ટંકારા નજીક ખજુરા હોટલના ગ્રાઉન્ડમાં ગત તા.૨૧ મે ના રોજ આંગડીયા પેઢીની કારને રોકી બે કારમાં આવેલા પાંચથી સાત શખ્સો દ્વારા લાકડાના ધોકા, પાઇપ અને છરીની મદદથી ૯૦ લાખની લુંટ કરનાર પૈકી બે આરોપીઓને પોલીસ દ્વારા ગણતરીની કલાકોમાં ઝડપી લેવામાં આવ્યા છે. પોલીસે વિવિધ ટીમો બનાવી નાકાબંધી અને સી.સી.ટી.વી.ના આધારે ગણતરીના કલાકોમાં બે આરોપીઓની ધરપકડ કરી રોકડા રૂ. ૭૨.૫૦ લાખ, બે કાર અને મોબાઇલ ફોન સહિત રૂ. ૮૧.૫૦ લાખનો મુદ્દામાલ કબજે કર્યો છે. આ સાથે અન્ય પાંચ આરોપીઓને પકડવા તપાસની તજવીજ ચાલી રહી છે.




ટંકારા તાલુકામાં ૨૧ મેના રોજ બનેલી મોટી લુંટની ઘટનામાં ટંકારા પોલીસ અને મોરબી એલ.સી.બી. ટીમે ઝડપથી કાર્યવાહી કરીને બે આરોપીઓને ૮૧.૫૦ લાખના મુદામાલ સાથે ઝડપી પાડ્યા છે. રાજકોટના નિલેષભાઈ ભાલોડી અને જયસુખભાઈ ફેફર ટી.એન્ટરપ્રાઈઝના રોકડા રૂ. ૯૦ લાખ લઈને મોરબી તરફ આવી રહ્યા હતા ત્યારે મિતાણા ગામ પાસે અજાણ્યા પાંચથી સાત ઈસમોએ તેમની કાર સાથે અકસ્માત કરી અટકાવી અને ખજુરા હોટલના ગ્રાઉન્ડમાં લાકડાના ધોકા, પાઇપ અને છરી બતાવીને રૂપિયા ૯૦ લાખની લુંટ કરી ફરાર થઇ ગયા હતા.

ઉપરોકત બનાવની ગંભીરતા ધ્યાને લઇ મોરબી જીલ્લામાં તાત્કાલીક નાકાબંધી કરી મોરબી જીલ્લા પોલીસે અલગ અલગ પોલીસની ટીમો બનાવી તાત્કાલીક બનાવ સ્થળની મુલાકાત લઇ બનાવ સ્થળની આસપાસના સી.સી.ટી.વી. ફુટેજ આધારે ગુનામાં વપરાયેલ કારનું વર્ણન આધારે ધ્રોલ, જોડીયા વિસ્તારમાં લોકલ માણસોનો સંપર્ક કરી કાર અંગે હકિકત મેળવતા, કાર ધ્રોલ, લતીપર થઇ ટંકારા તરફ આવતી હોય તેમજ ડીવાયએસપી સમીર સારડા તથા ટંકારા પીઆઇ કે.એમ.છાસીયા ટીમ સાથે લતીપર રોડ, આરાધના હોટલ સામે રોડ ઉપર વોચમાં હતા દરમ્યાનમાં મોટા વાહનો વડે ટ્રાફીક જામ કરી હકિકત વાળી પોલો કારને આંતરીને રોકી પાડવા માટેની તૈયારી કરવામાં આવેલ ત્યા સામેથી પોલો કાર પુરઝડપે આવી રહેલ હોય જેથી તમામ પોલીસ સ્ટાફ એલર્ટ થઇ ગયેલ અને લતીપર રોડ, ટીપટોપ કારખાના સામે સરકારી, ખાનગી મોટા વાહનોની આડસ કરેલ તેમજ ટ્રાફીકમાં ઉભેલ બે હાઇસ્પીડ ખાનગી વાહન સ્કોર્પીયોમાં પોલીસને બેસાડીને પોલો કારનો પીછો કરવા તૈયારી કરેલ હતી. આ દરમ્યાન લતીપર બાજુથી ફુલસ્પીડમાં પોલો કાર આવતી હોય તે કારને રોકવા હાથથી ઈશારો કરતા કારના ચાલકે ફુલ સ્પીડમાં કાર હંકારી કાર ચાલક કારને યુટર્ન લેવા જતા કાર બંધ થઇ ગયેલ જે કારમાંથી આરોપી અભિભાઇ લાલાભાઇ અલગોતર ઉવ-૨૪ રહે.ભાવનગર જુની માણેકવાડી મુળગામ-શાહપુર ગામ તા-વલ્ભીપુર ગામ જી-ભાવનગર તથા આરોપી અભીજીતભાઇ ભાવેશભાઇ ભાર્ગવ ઉવ-૨૫ રહે.ભાવનગર રૂપાણી સર્કલ કે.આર.દોશી સ્કુલ ટેનામેન્ટ નં-૧૯૨૬ હાલ રહે.ભાવનગર મેઘાણી સર્કલથી ડોન ચોક રસ્તામાં ભાડેના મકાનમાં વાળા બે ઇસમો પાસેથી લુંટ/ધાડ કરેલ રોકડા રૂપીયા રૂપીયા-૭૨.૫૦ લાખ, મોબાઇલ નંગ-૦૫, પોલો કાર નં-જીજે-૦૧-આરઈ-૭૫૭૮, ધાડમાં લુટાયેલ ડોક્યુમેન્ટની બેગ તથા અન્ય મુદામાલ કબ્જે કરેલ હતા. લુંટ, ધાડ કરી ખજુરા હોટલ નજીકથી ભાગવા જતા બલેનો કારનો અકસ્માત થતા રોડની સાઇડમાં પડેલ હોય જે કાર ગુનામાં વપરાયેલ હોય જેથી બલેનો કાર નં. જીજે-૦૪-ઈપી-૭૮૭૮ની કિ.રૂ. ૫,૦૦,૦૦૦/- સહિત ૮૧.૫) લાખનો મુદ્દામાલ કબજે કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરેલ છે. આ સાથે પકડાયેલ બન્ને આરોપીઓની પ્રાથમિક પૂછ્તાછમાં અન્ય પાંચ આરોપીઓના નામની કબુલાત આપી હતી, જેમાં આરોપી હીતેષભાઇ પાચાભાઇ ચાવડા રહે.સાજણાસર તા.પાલીતાણા જી.ભાવનગર, નિકુલભાઇ કાનાભાઇ અલગોતર, દર્શીલ ભરવાડ, કાનો આહીર રહે. બધા ભાવનગર તથા એક અજાણ્યો માણસ તે તમામને પોલીસે ફરાર દર્શાવી તેઓને પકડી લેવા વિવિધ દિશામાં ચક્રો ગતિમાન કર્યા છે.

સમગ્ર સફળ કામગીરી કરનાર સમીર સારડા નાયબ પોલીસ અધિક્ષક વાંકાનેર વિભાગ, પી.એ.ઝાલા નાયબ પોલીસ અધિક્ષક મોરબી વિભાગ, એમ.પી.પંડયા પોલીસ ઇન્સેકટર એલ.સી.બી., કે.એમ.છાસીયા પોલીસ ઇન્સેકટર ટંકારા પોલીસ મથક, એલ.સી.બી./પેરોલ ફર્લો સ્કવોડ, મોરબી તથા ટંકારા પોલીસ સ્ટાફ દ્વારા કામગીરી કરવામાં આવેલ છે. તેમજ જામનગર એલ.સી.બી. તથા ધ્રોલ પોલીસ સ્ટાફ પણ ઉપરોકત કામગીરીમાં મદદમાં રહેલ હતા.

# મોરબીમાં ગૌ રક્ષકોની સતર્કતાથી બે બળદને કતલખાને લઈ જતા બચાવી લેવાયા, બોલેરો ચાલકની અટક

**મુખ્ય સમાચાર, મોરબી**

મોરબી રાજપર ચોકડી નજીક ગૌ રક્ષક ટીમની વોચ દરમિયાન એક બોલેરો પીકઅપમાંથી બે બળદ ઝડપાયા હતા. શંકાસ્પદ વાહનમાં ઘાસ, પાણીની કોઈ વ્યવસ્થા વગર બળદને ટૂંકા દોરડા વડે ક્રુરતાપૂર્વક બાંધીને માળીયા(મી) કાજરડા ગામે કતલખાને લઈ જવાતા હતા, હાલ પોલીસે બોલેરો ચાલક, બળદના મૂળ માલીક તથા બંને બળદને જેની પાસે કતલ કરવા લઈ જતા હોય તે શખ્સ સહિત ત્રણ વિરુદ્ધ સીટી એ ડિવિઝન પોલીસ મથકમાં ગુનો નોંધાવવામાં આવ્યો છે, જ્યારે બન્ને બળદને મોરબી પાંજરાપોળ ખાતે ખસેડવા તજવીજ હાથ ધરવામાં આવી હતી.

મળતી માહિતી અનુસાર, મોરબી જીલ્લાના ગૌ રક્ષક વૈભવભાઈ જીતેશભાઈ જાલરીયા તથા તેમના સાથીદારો કમલેશભાઈ બોરીચા, ચેતનભાઈ પાટડીયા, પાર્થભાઈ મેસરીયા અને હિતરાજસિંહ પરમારે મોરબી-રાજકોટ હાઈવે પર રાજપર ચોકડી નજીક ગૌ વંશની હેરફેર અંગેની વોચ રાખી હતી. ત્યારે રાત્રે સાડા દસ વાગ્યાના આસપાસ એક સફેદ બોલેરો પીકઅપ રજી.નં. જીજે-૩૬-વી-૭૨૫૧ શંકાસ્પદ રીતે પસાર થતાં તેને રોકવામાં આવી હતી. ત્યારે બોલેરોની તલાસી લેતા, વાહનમાં બે મોટા બળદને ટૂંકા દોરડાથી બાંધી ક્રુરતાપૂર્વક ભરી લાવવામાં આવ્યા હતા. આ સાથે બોલેરો ડ્રાઈવર વિજયભાઈ ધનાભાઈ બાલાસરા (રહે. વેણાસર, માળિયા વાળાની પૂછ્તાછમાં આ બન્ને બળદ લતીપર તા.ધ્રોલ વાળા મેહુલભાઈ બોરીચાને ત્યાંથી ભરીને માળીયા(મી)ના કાજરડા ગામે ઈકબાલભાઈ પાસે લઈ જવામાં આવતા હોવાની કબૂલાત આપતા તુરંત બન્ને બળદો સહિત બોલેરો




ગાડી સીટી એ ડિવિઝન પોલીસ મથકે લઈ જવામાં આવી હતી.

સીટી એ ડિવિઝન પોલીસ મથકમાં વૈભવભાઈ જીતેશભાઈ જાલરીયાની ફરિયાદને આધારે બોલેરો અને બે બળદ કુલ કિ.રૂ. ૫.૧૦ લાખ સહિત કબ્જે લઈ બોલેરો ચાલક આરોપી વિજયભાઈ ધનાભાઈ બાલાસરા રહે. વેણાસર માળિયા, મેહુલભાઈ બોરીચા રહે.લતીપર ધ્રોલ જામનગર અને ઈકબાલભાઈ રહે. કાજરડા માળિયાવાળા વિરુદ્ધ પશુ ક્રુરતા અધિનિયમ સહિત લાગુ કાયદાકીય કલમો હેઠળ ગુનો નોંધી આગળની તપાસ ચલાવી છે.

# મોરબી જીલ્લામાં રેલ્વે ભરતી માટે ફરી મોક ટેસ્ટનું આયોજનઃ ૧૫ જૂનના રોજ ત્રણ કેન્દ્રો પર પરીક્ષા યોજાશે

## મોરબી જીલ્લા પંચાયત દ્વારા રેલ્વે Group "D" ભરતી માટેના નિઃશુલ્ક મોક ટેસ્ટ માટે ઓનલાઇન રજીસ્ટ્રેશન શરૂ

**મુખ્ય સમાચાર, મોરબી**

મોરબી રેલ્વે ભરતી બોર્ડની Group "D" લેવલ-૧ ભરતી માટે મોરબી જીલ્લા પંચાયત દ્વારા ૧૫ જૂન ૨૦૨૫ના રોજ ત્રણ અલગ અલગ કેન્દ્રો પર વિનામૂલ્યે મોક ટેસ્ટનું આયોજન કરવામાં આવ્યું છે. ઓ.એમ.આર. પધ્ધતિથી લેવાતી આ પરીક્ષા માટે ઉમેદવારોને મોરબી જીલ્લા પંચાયતની વેબસાઇટ પર ઓનલાઈન રજીસ્ટ્રેશન કરવાનું રહેશે.

ભારત સરકારના રેલ્વે મંત્રાલયના રિક્રુટમેન્ટ બોર્ડ દ્વારા Group "D" (Level-1)ની ૩૨,૪૩૮ જગ્યાઓ માટે ભરતીની જાહેરાત આપવામાં આવી છે. જેમાં વેસ્ટર્ન ઝોન, અમદાવાદ માટે ૪,૬૭૨ જગ્યાઓનો સમાવેશ થાય છે. આ ભરતી માટે એસ.એસ.સી., આઈ.ટી.આઈ. અથવા ડિપ્લોમા પાસ ઉમેદવારો અને ૧૮ વર્ષથી વધુ ઉંમર ધરાવતા યુવાનો લાયક માનવામાં આવ્યા છે. મોરબી જીલ્લાની યુવા પેઢીને સરકારી નોકરી માટે યોગ્ય માર્ગદર્શન અને તૈયારીના અવસરો મળે તે હેતુથી મોરબી જીલ્લા પંચાયત દ્વારા આગામી તા.૧૫ જૂન ૨૦૨૫, રવિવારના રોજ સવારે ૧૦૩૦ થી ૧૨૦૦ દરમિયાન રેલ્વે Group "D" પરીક્ષાના આધારે મોક ટેસ્ટનું આયોજન કરવામાં આવ્યું છે. પરીક્ષા ઓ.એમ.આર પધ્ધતિથી લેવાશે અને રેલ્વે ભરતી બોર્ડના સિલેબસ મુજબ રહેશે. ઉમેદવારોને સવારે ૧૦૦૦ વાગ્યે પરીક્ષા કેન્દ્ર પર હાજર રહેવું ફરજિયાત રહેશે.

આ સાથે ત્રણ કેન્દ્રોમાં મોરબી, માળીયા અને ટંકારા તાલુકા માટે શ્રી યુ.એન. મહેતા આર્ટસ કોલેજ, ભડિયાદ રોડ, મોરબી તથા વાંકાનેર તાલુકા માટે શ્રીમતી ઈન્દુબેન લલીતભાઈ મહેતા મહિલા કોમર્સ કોલેજ અને શ્રી અમરસિંહજી હાઈસ્કૂલ, વાંકાનેર તેમજ હળવદ તાલુકા માટે સાંદીપની ઈંગ્લીશ સ્કૂલ, મોરબી-માળીયા ચોકડી, હળવદ એમ ત્રણ કેન્દ્રો ઉપર મોકટેસ્ટ પરીક્ષા યોજાશે. મોકટેસ્ટ માટે ઓનલાઈન રજીસ્ટ્રેશન અનિવાર્ય આ મોક ટેસ્ટ માટે મોરબી જિલ્લા પંચાયતની વેબસાઇટ પર મુકેલી લીંક મારફતે ઓનલાઈન રજીસ્ટ્રેશન કરાવવું આવશ્યક છે.

ઉલ્લેખનીય છે કે જીલ્લા વિકાસ અધિકારીના માર્ગદર્શન હેઠળ ગત તા.૧૮ એપ્રિલ ૨૦૨૫ ના રોજ મોરબી જીલ્લા પંચાયત દ્વારા જીલ્લામાં ત્રણ પરીક્ષા કેન્દ્રો પર મોક ટેસ્ટ યોજી હતી જેમાં ૧૯૧ જેટલા ઉમેદવારોએ પરીક્ષા આપી હતી. જેમાં ઉમેદવારો તરફથી ખૂબ સારો પ્રતીસાદ મળેલ હતો. ઉમેદવારો દ્વારા ફરી વખત મોક ટેસ્ટ યોજવાની વિનંતી ધ્યાને લઈ ફરી વખત મોક ટેસ્ટનું આયોજન કરવામાં આવેલ છે.

# માળીયા(મી)ના મોટાભેલા ગામે સામાન્ય બાબતે પરિવાર ઉપર હુમલો કરી જાતિપ્રત્યે હડધૂત કરાયા અંગે ફરિયાદ નોંધાઈ

**મુખ્ય સમાચાર, મોરબી**

માળીયા(મી) તાલુકાના મોટાભેલા ગામમાં રહેતા પરિવાર ઉપર હુમલો કરી જાતિ પ્રત્યે અપમાનિત કર્યાનો બનાવ સામે આવ્યો છે, જેમાં શેરીમાં ગાડી ધીમે ચલાવવા અંગે બોલાચાલીનો ખાર રાખી યુવકબને તેના પરિવાર ઉપર લાકડી, છુટ્ટા પથ્થરના ઘા કરી ઈજાઓ પહોંચાડી જ્ઞાતિ પ્રત્યે અપમાનિત કરવામાં આવ્યા હતા. ત્યારે સમગ્ર બનાવ અંગે ભોગબનનાર પરિવારના મહિલા સભ્ય દ્વારા આરોપી વિરુદ્ધ પોલીસ ફરિયાદ નોંધાવવામાં આવી છે.

મળતી વિગતો અનુસાર, માળીયા(મી)ના મોટા ભેલા ગામે રહેતા ભાનુબેન ઉવ.૫૮ માળીયા(મી) પોલીસ મથકમાં આરોપી ભાવેશભાઈ ખેંગારભાઈ ગોહેલ વિરુદ્ધ ફરિયાદ નોંધાવી કે અગાઉ આરોપી પોતાની ગાડી સ્પીડમાં ચલાવીને શેરીમાંથી નીકળેલ ત્યારે પડોશમાં પ્રસંગ હોય તે પ્રેમજીભાઈ દ્વારા તેઓને ગાડી ધીમે ચલાવવાનું કહેતા આરોપી ભાવેશે તેની સાથે બોલાચાલી કરી હોય ત્યારે ફરિયાદીના પુત્ર જેન્તીએ પાડોશી પ્રેમજીભાઈને કહ્યું હતું કે અમારા ઘરે પ્રસંગ હોય અને આ રીતે ગાડી સ્પીડમાં લઈને નીકળે તો ઝઘડો થઈ હે જે વાતનો ખાર રાખી આરોપી ભાવેશ તા. ૨૧ મેના રોજ રાતે નવ વાગ્યાના અરસામાં ફરિયાદી ભાનુબેનના પતિ માવજીભાઈ ઘરની બહાર બેઠા હતા અને પરિવારજનો ઘર અંદર ભોજન લઈ રહ્યા હતા ત્યારે આરોપી ભાવેશ ગોહેલ ગાળો બોલતો, ધમકી આપી રહ્યો હતો. જેથી ઘર બહાર નીકળીને જોતા, આરોપી ભાવેશ ફરિયાદીના પતિ સાથે બોલાચાલી કરી ઝઘડો કરતો હોય ત્યારે પતિને બચાવવા જતા ભાનુબેન તથા તેમના દિકરા અશ્વિન અને જેન્તી ઉપર આરોપીએ છુટ્ટા પથ્થરના ઘા મારી અને લાકડીથી હુમલો કર્યો હતો. આ પથ્થરમારામાં ભાનુબેનના માથે અને તેમના દીકરા અશ્વિનના હાથની આંગળીમાં ઈજા થઈ હતી. ઘટના બાદ તાત્કાલિક સારવાર માટે માળીયા મીં. હોસ્પિટલ લઈ જવામાં આવ્યા હતા. ત્યારબાદ આરોપી ફરી ઝઘડો કરવા ઘરની આસપાસ આવ્યો હોય જેથી માળીયા(મી) પોલીસ મથકમાં આરોપી ભાવેશ વિરુદ્ધ ફરિયાદ નોંધાવતા, પોલીસે આરોપી વિરુદ્ધ એટ્રોસિટી સહિતની કલમો હેઠળ ગુનો નોંધી, આરોપીની અટક કરવા તજવીજ હાથ ધરી છે.

# મોરબી જીલ્લાને લાંબા અંતરની ટ્રેનોની માંગ સાથે પૂર્વ કાઉન્સિલર સુરેશભાઈ શિરોહિયાની ડીઆરએમને લેખિત રજુઆત

## ભુજ, ગાંધીધામ, હરીદ્વાર, અમદાવાદ સહિતના રૂટે નવી ટ્રેનો શરૂ કરવા તેમજ હાલની ટ્રેનોની સંખ્યા અને ફેરા વધારવાની માંગ

**મુખ્ય સમાચાર, મોરબી**

મોરબી જીલ્લા માટે રેલ્વે દ્વારા પૂરતી સુવિધાઓ ન મળતા પુર્વ કાઉન્સિલર અને મોરબી જીલ્લા ભાજપ બક્ષીપંચ મોરચાના મંત્રી સુરેશભાઈ પી. શિરોહિયાએ રાજકોટના ડીઆરએમને લેખિત રજૂઆત કરી છે. તેમણે મોરબી જીલ્લાના ઉદ્યોગ અને વિકાસને ધ્યાનમાં લઈ નવી ટ્રેનો શરૂ કરવા તથા વર્તમાન ટ્રેનોમાં ફેરફાર કરવાની અપીલ કરી છે.

મોરબી જીલ્લાને રેલ્વે દ્વારા પૂરતી અને યોગ્ય સેવા મળતી નથી એવી તીવ્ર લાગણી વ્યક્ત કરતા મોરબી જીલ્લા ભાજપ બક્ષીપંચ મોરચાના મંત્રી અને પૂર્વ કાઉન્સિલર સુરેશભાઈ પી. શિરોહિયાએ ડીઆરએમ રાજકોટને લેખિત રજૂઆત કરી છે. તેમણે જણાવ્યું કે વર્ષોથી મોરબી જીલ્લાને રેલ્વે ટ્રેન લાંબા અંતરની ગાંધીધામ મોરબી કામ્ખીયા ભુજ, મોરબી બાંન્દ્રા વીકલી સીવાઈ કોઈજ ટ્રેન મળી નથી. તમામ વેપારી વર્ગ, ડોકટર, વકીલ, ઉદ્યોગપતિઓ આમ લોકો પ્રજાની વચ્ચે જઇને માર્ગદર્શન મેળવી અંતે લોકોની માંગણી લાગણી છે કે મોરબીને ભુજ ગાંધીધામ મોરબી હરીદ્વારા સુધી ટ્રેન જોઈએ તેમજ ડેઈલી ભુજ મોરબી અમદાવાદ જે હાલમાં વંદેમાતરમ ૬ દિવસ ચાલે છે તેને ૩ દિવસ મોરબીથી ચલાવામાં આવે તેવી માંગણી છે. સાથે મોરબી રાજકોટ ડેઈલી ટ્રેન રાજકોટ સુધી લંબાવવી જોઈએ, ગાંધીધામ મોરબી કામ્ખીયાના ફેરા વધારવા જોઈએ, હાલમા મોરબી જીલ્લામાં ઉપરોકત રેલ્વે ટ્રેનો માટે અપેક્ષાઓ છે. આ સિવાય ભુજ, ગાંધીધામ, મોરબી સુરેન્દ્રનગર ભાવનગર સુધી ટ્રેન માટે સવલત મળે તેવી આશા છે. મોરબી સીરેમીક ઉદ્યોગ, મીઠા ઉદ્યોગ, ઘડીયાળ જેવા ઉદ્યોગો દ્વારા ભારતીય રેલ વિભાગને સૌથી હુંડીયામણ ગુજરાત સૌરાષ્ટ્ર કરોડો રૂપિયા કમાઈને રેલ્વે આપે છે તો સાથે ત્યાં લોકોને સુવીધા મળે તેવી માંગણી સાથે રજુઆત કરવામાં આવી છે.

# મુખ્યમંત્રી જ્ઞાન સાધના મેરીટ સ્કોલરશીપ પરીક્ષા પાસ કરતી વિલ્પા ચાવડા

**મુખ્ય સમાચાર, જામજોધપુર**
**રિપોર્ટઃ વિજય બગડા**

જામજોધપુર કન્યા શાળા- નં ૧ની વિદ્યાર્થિની જ્ઞાન સાધના પરીક્ષ-ામા ઉતીર્ણ મેરીટ સ્કોલરશીપ પાસ કરેલ જેમા વિલ્પા બેન અરવિંદ ભાઈ ચાવડા ૨૦ હજાર સ્કોલરશીપ મળશે જામજોધપુર તાલુકાની કન્યાશાળાની વિદ્યાર્થીની જ્ઞાન સાધના સ્કોલરશીપ પરીક્ષામાં ઉત્તીર્ણ મેરીટ માં સમાવેશ થતા વિદ્યાર્થીનીમાં ખુશીની લહેર છ્વાય છે ગત તારીખ ૧૬ એપ્રિલ ના રોજ રાજ્ય પરીક્ષા બોર્ડ ધારા લેવાયેલી મુખ્યમંત્રી જ્ઞાન સાધના મેરીટ સ્કોલરશીપ પરીક્ષા ૨૦૨૫ નું પરિણામ જાહેર કરવામાં આવ્યું છે જેમાં ધોરણ આઠમાં



અભ્યાસ કરતી ચાવડા વિલ્પાં પરીક્ષા આપી હતી આ યોજના દર વર્ષે ૨૫૦૦૦ તેજસ્વી વિદ્યાર્થીઓને સ્કોલરશીપ આપવામાં આવે છે આ સ્કોલરશીપ અંતર્ગત ધોરણ નવ થી ૧૦ સુધીના અભ્યાસ દરમિયાન વાર્ષિક ૨૦,૦૦૦ મળશે તે ઉપરાંત ધોરણ ૧૧ અને ૧૨ ના વિદ્યાર્થીઓને વાર્ષિક ૨૫૦૦૦ ની સ્કોલરશીપ અપાશે જ્યારે ધોરણ ૧ થી ૮ ના વિદ્યાર્થીઓને પણ આ સ્કોલરશીપ નો લાભ આપવામાં આવશે આ યોજના અંતર્ગત જામજોધપુર તાલુકા ની કન્યા શાળા ૧ અભ્યાસ કરતી સામાન્ય પરિવારની વિદ્યાર્થીની વિલ્પાબેન ચાવડા એ પરીક્ષા આપેલ જેમાં તે મેરીટમાં સમાવેશ થતા શાળાનું તેમજ ચાવડા પરિવારનું ગૌરવ વધાર્યું છે પોતાની મહેનતથી સફળ થતાં શાળાના શિક્ષકો તેમજ પરિવારોએ ખુશીની લહેર જોવા મળેલી તેમની મહેનતને બિરદાવતા આભાર વ્યક્ત કરેલ.

# મોરબીમાં વધુ એક યુવક વ્યાજના વિષચક્રમાં ફસાયો, પાંચ વ્યાજખોર સામે ફરિયાદ નોંધાઈ

## ઘર વેચાઈ ગયું, સોનાના ઘરેણાં વેચાયા છતાં વ્યાજખોરોની ધમકી ચાલુ, યુવકે પોલીસમાં ફરિયાદ દાખલ કરી

**મુખ્ય સમાચાર, મોરબી**

મોરબીના રવાપર રોડ વિસ્તારમાં રહેતા મિસ્ત્રી કામ કરતા એક યુવકે ધંધામાં નુકશાન બાદ વ્યાજે લીધેલા રૂપિયા ચૂકવવા છતાં વિવિધ વ્યાજખોરો દ્વારા સતત ઉઘરાણી અને જાનથી મારી નાખવાની ધમકીઓ આપતા મોરબી પોલીસમાં પાંચ શખ્સો સામે ફરિયાદ નોંધાવી છે.

મોરબીના રવાપર રોડ અક્ષર એપાર્ટમેન્ટ ચોથા માળે બ્લોક નં ૪૦૧માં રહેતા જગદીશભાઈ કીર્તિભાઈ ગજ્જર ઉવ.૩૯એ આરોપી રાજુભાઈ ડાંગર રહે. રાજબેંક વાળી શેરી મોરબી, ભાવેશભાઈ વઘાડીયા મિસ્ત્રી રહે. મોરબી, પારસ ઉર્ફે ભોલુ મુકેશભાઈ જારીયા રહે. રવાપર ધુનડા રોડ મોરબી, કિશનભાઈ મનુભા લાંબા ગઢવી રહે. વજેપર મોરબી, ભરતભાઈ કાનાભાઈ ચાવડા (બી.કે. આહીર) રહે. રવાપર સદગુરૂ સોસાયટી મોરબી વાળા એમ પાંચ વ્યાજખોર વિરુદ્ધ સીટી એ ડિવિઝન પોલીસ મથકમાં વિગતવાર ફરિયાદ નોંધાવી છે. ફરિયાદમાં જણાવાયું છે કે જગદીશભાઈ કોરોના પછી આર્થિક તંગી દરમ્યાન વિવિધ વ્યક્તિઓ પાસેથી વ્યાજે રૂપિયા લીધા હતા, જેના પર નિયમિત વ્યાજ ચૂકવ્યા છતાં વ્યાજખોરો દ્વારા પઠાણી ઉઘરાણી અને ધમકીઓ આપતા હતા. આરોપીઓ વધુ વ્યાજની માંગણી, ચેક બાઉન્સની ધમકી, બે મોપેડ મોટરસાયકલ બળજબરીપૂર્વક પડાવી લીધા તથા ઘરના દસ્તાવેજોની નકલ વ્યાજખોર પાસે રાખી વેચાણ માટે દબાણ કરતા હોય, વ્યાજખોરના આતંકથી જગદીશભાઈએ ગત તા.૧૯ મે ૨૦૨૫ના રોજ પોતાનું ઘર પણ છોડી દીધું હતું. પરંતુ વ્યાજખોરો પરિવારને હેરાન કરશે તેવી બીકથી પોતે પરત આવી પરિવારજનોએ હિંમત આપતા તમામ વ્યાજખોરો વિરુદ્ધ ફરિયાદ નોંધાવી છે. હાલ સીટી એ ડિવિઝન પોલીસે પાંચેય આરોપીઓ વિરુદ્ધ ગુજરાત નાણાં ધીરધાર અધિનિયમ સહિતની કલમો હેઠળ ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

# મોરબીના બગથળા ગામે તળાવના પાણીમાં ડૂબી જવાથી યુવકનું મૃત્યુ

મોરબી તાલુકાના બગથળા ગામે તળાવમાં ડૂબી જવાથી ૩૩ વર્ષીય યુવકના મૃત્યુના બનાવ અંગે સમગ્ર બગથળા ગામમાં ઘેરા શોકની લાગણી પ્રસરી ગયી હતી. મળતી વિગતો મુજબ, મોરબી તાલુકાના બગથળા ગામે રહેતા મયુરભાઇ ભીખાભાઇ સરવૈયા ઉવ-૩૩ નામનો યુવકનું ગઈકાલ તા.૨૨/૦૫ના રોજ બગથળા ગામ પાસે આવેલ બગથળીયા મંદીર નજીક તળાવના પાણીમાં કોઈ કારણોસર ડૂબી જવાથી મૃત્યુ નીપજ્યું હતું, ત્યારે તાલુકા પોલીસની પ્રાથમિક તપાસમાં મૃતકના પિતા ભીખાભાઇ પરષોત્તમભાઈ સરવૈયા પાસેથી વિગતો મેળવી મૃત્યુના બનાવ અંગે અ. મોતની નોંધ કરી આગળની તપાસ ચલાવી છે.

# મોરબી મહાનગરપાલિકા દ્વારા રખડતા ઢોર પર કાર્યવાહી શહેરી વિસ્તારમાંથી ૧૦૨ ઢોર પકડાયા

મોરબી મહાનગરપાલિકાની પ્રાણી રંજાડ અંકુશ શાખાએ શહેરમાં ૧૩ મે થી ૨૦ મે દરમિયાન કુલ ૧૦૨ રખડતા ઢોર પકડવાની કામગીરી કરી હતી. આ સાથે પકડાયેલ ઢોરોને શહેરની આજુબાજુની ગૌશાળાઓમાં ખસેડવામાં આવ્યા હતા. આ ઉપરાંત કુલ ૯ ઘાસ વેચાણ વેપારીઓને લાયસન્સ પણ અપવામાં આવ્યા હતા. મોરબી મહાનગરપાલિકાની પ્રાણી રંજાડ અંકુશ શાખાએ શહેરના વિવિધ વિસ્તારોમાં દિવસે અને રાતે ઢોર પકડવાની ઝુંબેશ હાથ ધરી હતી. તા. ૧૩/૦૫ થી ૨૦/૦૫ દરમિયાન યોજાયેલ આ ઝુંબેશમાં વેજીટેબલ રોડ, લાલબાગ, જેલ રોડ, માધાપર, પરષોતમ ચોક, ઉમિયા સર્કલ, વાંકાનેર દરવાજો, રવાપર રોડ જેવા વિસ્તારમાંથી રખડતા ઢોર પકડવામાં આવ્યા હતા. કુલ ૧૦૨ ઢોર પકડાયા હતા અને તેમને આજુબાજુની ગૌશાળાઓમાં મુકવામાં આવ્યા હતા. મહાનગરપાલિકાએ વધુમાં જણાવ્યું છે કે, ઘાસ વેચાણ માટે ૯ આસામીઓને લાયસન્સ પણ આપવામાં આવ્યા છે જેથી ઘાસ વેચાણ પણ નિયમિત અને વ્યવસ્થિત રીતે થઈ શકે. આ સાથે મહાનગરપાલિકા દ્વારા પશુમાલિકોને અનુરોધ કરવામાં આવ્યો છે કે તેઓ પોતાના ઢોર શહેરી વિસ્તારમાં રખડતા ન મૂકે તેમ યાદીમાં જણાવવામાં આવ્યું છે.

# જોખમી ગેસ રિફિલીંગ અંગે પોલીસની કાર્યવાહી

જામનગર નજીક આવેલા દરેડમાં રાંદલમાના મંદિરની સામે રજવાડી ચા વાળી ગલીમાં જાહેરમાં આગ અથવા સળગી ઉઠે તે રીતે માણસોની જીંદગી જોખમાય તે રીતે બેદરકારીથી ગેરકાયદે રીતે ગેસના ભરેલ. બાટલામાંથી ગેસના ખાલી બાટલામાં ગેસનુ રીફીલીંગ કરી ગેરકાયદે વેચાણ કરવામાં બાતમી મળી હતી.પીઆઈ બી. એન.ચૌધરીની સુચનાથી ટીમે દરોડો પાડીને ગેરકાયદે ધમધમતા ગેસ રીફીલીંગ ઉપર દરોડો પાડીને નારણ ગાંડાભાઈ મકવાણા રે.દરેડ, ઈન્દીરા આવાસ પાછળ, પાણીના ટાકા પાસે-જામનગરને ઝડપી લીધો હતો. તેના કબજામાં ગેસનો અર્ધ ભરેલ મોટો બાટલો તેમજખાલી બાટલો, ૨ ખાલી મોટા બાટલા, ૪ નાના ખાલી બાટલા, પ્લાસ્ટીકની પાઈપ જે પાઈપના એક છેડે રેગ્યુલેટર તથા બીજા છેડે લોખંડની નોઝલ ફીટ કરેલ. અને વજન કાંટો મળીને કુલ રૂ.૧૧૦૦૦નો મુદામાલ કબજે કર્યો છે. નારણ મકવાણા સામે ગુનો નોંધીને ધરપકડ કરી છે.

# મોરબી ચોરાઉ સીએનજી રીક્ષા સાથે વાહન ચોર ઈસમની અટક

## સાણંદ પોલીસ મથકમાં નોંધાયેલ સીએનજી રીક્ષા ચોરીનો ભેદ ઉકેલતી મોરબી સીટી એ ડિવિઝન પોલીસ




**મુખ્ય સમાચાર, મોરબી**

મોરબી સીટી એ ડિવિઝન પોલીસ દ્વારા શહેરના વીસી ફાટક નજીકથી ચોરાઉ સીએનજી રીક્ષા સાથે એક શખ્સને ઝડપી લેવામાં આવ્યો હતો, જેમાં પૂર્વ બાતમીને આધારે નંબર પ્લેટ વગરની રીક્ષા લઈને આવતા શખ્સને રોકી રીક્ષાના જરૂરી આધાર પુરાવા માંગતા જે નહિ હોવાનું જણાવતા, પોકેટ કોપ એપ્લિકેશનને આધારે ઉપરોક્ત રીક્ષા અંગે સાણંદ પોલીસ સ્ટેશનમાં ચોરી અંગે ફરિયાદ નોંધાવ્યા હોવાનું સામે આવતા તુરંત એ ડિવિઝન પોલીસે વાહન ચોર આરોપીને ઝડપી લઈ સાણંદ પોલીસ મથકે જાણ કરવા તજવીજ હાથ ધરી છે.

મોરબી શહેરમા લગાવેલ નેત્રમ સી.સી.ટીવી.કેમેરા તેમજ હયુમન સોર્સીસથી બાતમીદારો આધારે એ.એસ.આઇ સવજીભાઇ દાફડા, એ.એસ.આઇ વિજયદાન ગઢવી, હિતેષભાઇ ચાવડા તથા કોન્સ જયદીપભાઇ ગઢવીને ખાનગીરાહે બાતમી મળેલ કે એક નંબર પ્લેટવગરની શંકાસ્પદ સી.એન.જી રીક્ષા વીશીપરા તરફથી વીસીફાટક તરફ આવતી હોય જેથી ત્યાં વોચમા હોય દરમ્યાન નંબર પ્લેટ વગરની સી.એન.જી રીક્ષા સાથે આરોપી રજાકભાઇ મોવર મળી આવતા તેને ચેક કરતા તેની પાસે સી.એન.જી રીક્ષાના કાગળો માંગતા નહી હોવાનુ જણાવતા પોકેટ કોપથી સર્ચ કરતા સદરહુ રીક્ષા અમદાવાદ જીલ્લાના સાણંદ પોલીસ મથકમાં નોંધાયેલ ચોરીની હોવાનુ જણાતા આરોપી રજાકભાઇ રમજાનભાઇ મોવર ઉવ.૨૬ રહે.મોરબી વીશીપરા માતમચોક પાસે સલીમભાઇના મકાનમાં ભાડે મુળરહે.વાગડીયા ઝાપા પાસે માળીયા(મી)ની અટક કરી આગળની કાર્યવાહી હાથ ધરવામા આવેલ છે.

# જામનગરના ચંગામાં ગેસલાઇન લીકેજ થતાં આગ



**મુખ્ય સમાચાર, જામનગર**

જામનગર નજીક આવેલા ચંગા ગામની વાડી વિસ્તારમાં આજે એક ગંભીર ઘટના સામે આવી છે. વાડી વિસ્તાર તરફ જતા રોડ પર ફેન્સિંગનું કામ ચાલી રહ્યું હતું. આ દરમિયાન ગેસની લાઇન ડેમેજ થવાથી લીકેજ થયું હતું.લીકેજને કારણે અચાનક આગ ભભૂકી ઊઠી હતી. આ ઘટનાની જાણ તાત્કાલિક જામનગર ફાયર બ્રિગેડને કરવામાં આવી હતી. ફાયર બ્રિગેડની ટીમ તુરંત જ ઘટના સ્થળે પહોંચી ગઈ હતી.ફાયર બ્રિગેડના જવાનોએ ત્વરિત કાર્યવાહી કરીને આગ પર કાબૂ મેળવ્યો હતો. આગને સંપૂર્ણપણે બુજાવી દેવામાં આવી હતી. સદનસીબે આ ઘટનામાં કોઈ જાનહાનિ થઈ નથી. સ્થાનિક તંત્ર દ્વારા ભવિષ્યમાં આવી ઘટનાઓ ન બને તે માટે સાવચેતીના પગલાં લેવામાં આવશે.

# ભૂપેન્દ્ર પટેલના માર્ગદર્શન હેઠળ રાજ્યના દરેક ગામ સુધી પીવા માટેનું પર્યાપ્ત પાણી મળી રહે તે માટે સુદ્રઢ આયોજન કરાયું



**મુખ્ય સમાચાર, રાજકોટ**

ઉનાળા દરમિયાન રાજ્યના દરેક પરિવાર, દરેક નાગરિક સુધી પીવા માટેનું પૂરતું પાણી મળી રહે તે માટે મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલના માર્ગદર્શન હેઠળ સુદ્રઢ આયોજન કરવામાં આવ્યું છે. પાણી પુરવઠા-જળ સંપત્તિ મંત્રી કુંવરજીભાઈ બાવળિયા અને રાજ્ય મંત્રી મુકેશભાઈ પટેલના માર્ગદર્શન હેઠળ ''રાજ્ય વ્યાપી પાણી પુરવઠા ગ્રીડ'' અંતર્ગત કુલ ૩,૨૫૦ કિ.મી બલ્ક પાઈપલાઈન અને ૧.૨૦ લાખ કિ.મીથી વધુ લંબાઈની પાણી વિતરણ પાઈપલાઈન દ્વારા રાજ્યના ૧૫,૭૨૦થી વધુ ગામો અને ૨૫૧ શહેરી વિસ્તારોને દૈનિક ૩૨૦ કરોડ લીટર પાણી વિતરણ કરવામાં આવી રહ્યું છે.

ગુજરાતના કુલ ૧૮,૧૫૨ ગામો પૈકી ૧૫,૭૨૦ ગામોને ૩૭૨ જુથ પાણી પુરવઠા યોજના મારફતે સરફેસ સોર્સ આધારિત બલ્ક પાઈપલાઈન તેમજ નવીન-સુધારણા જૂથ પાણી પુરવઠા યોજનાઓ હેઠળ પાણી પૂરું પાડવામાં આવી રહ્યું છે. જ્યારે, બાકીના ૨,૪૩૨ ગામોને સ્થાનિક સોર્સ આધારીત વ્યક્તિગત પાણી પુરવઠા યોજના મારફતે પાણી પુરવઠો પૂરો પાડવામાં આવી રહ્યો છે. બાકીના તમામ ગામોને પણ જુથ યોજનામાં આવરી લેવામાં આવ્યા છે, જેનું કામ હાલ પ્રગતિ હેઠળ છે.

જૂથ યોજના મારફત ગ્રામ્ય વિસ્તારોમાં પીવા લાયક પાણી પહોંચાડવા માટે રાજ્યના કુલ ૭૪ જેટલા ડેમમાંથી પીવા માટે પાણીનો જથ્થો આરક્ષિત રાખવામાં આવ્યો છે, જ્યાંથી જરૂરીયાત મુજબ પાણી ઉપાડી શુદ્ધીકરણ કરી લાભાર્થી ગામો સુધી પહોંચાડવામાં આવી રહ્યું છે. આ ઉપરાંત જુથ યોજનાઓમાં કેટલીક વાર લીકેજ અને પંપીંગ મશીનરી વગેરે જેવા પ્રશ્નો ઉપસ્થિત થતાં જુથ યોજનામાં સમાવિષ્ટ ગામોમાં પાણીની ઘટ ન પડે તથા ઉનાળાની સીઝનમાં પશુઓની પાણીની જરૂરીયાતને પહોંચી વળવા માટે અનિવાર્ય સંજોગોમાં ટેન્કરો દ્વારા જરૂરીયાત મુજબ પાણી પહોંચાડવામાં આવે છે.

રાજ્યમાં પીવાના પાણીની સંભવિત મુશ્કેલીવાળા ગામોનો સર્વે કરવામાં આવ્યો છે. આ ગામોમાં ઉનાળામાં મુશ્કેલી ન થાય તે માટે જરૂરી આયોજનના ભાગરૂપે વર્ગ-૧ તથા વર્ગ-૨ના અધિકારીઓ દ્વારા મુશ્કેલીવાળા ગામોને દત્તક લેવામાં આવ્યા છે. આ અધિકારીઓ દ્વારા વિવિધ માધ્યમોથી ગામમાં પાણીની જરૂરિયાત અંગેનું સઘન મોનીટરીંગ કરવામાં આવે છે.

આટલું જ નહિ, પાણી પુરવઠા સંબંધિત ફરિયાદોના નિવારણ માટે ''ગ્રીવેન્સ રીડ્રેસલ સીસ્ટમ'' કાર્યરત છે. જે અંતર્ગત ગાંધીનગર ખાતે ૨૪૭ કલાકનો કંટ્રોલ રૂમ કાર્યરત કરવામાં આવ્યો છે, જેમાં ૧૯૧૬ ટોલ ફ્રી નંબરથી પીવાના પાણીને લગતી તમામ ફરીયાદો નોંધવામાં આવે છે. આ ઉપરાંત પાણી પુરવઠા બોર્ડની વડી કચેરી ખાતે પ્રોએક્ટીવ કોલસેન્ટર ''જલસંપર્ક'' કાર્યરત કરવામાં આવ્યું છે. આ કોલ સેન્ટરના માધ્યમથી અત્યાર સુધીમાં ૫૨,૦૦૦થી વધુ લોકોનો સંપર્ક કર્યો હતો, જે પૈકી ૯૯.૫૦ ટકા લોકોના હકારાત્મક પ્રતિભાવ મળ્યા છે.

# રાજકોટમાં ગઈકાલે બપોર બાદ ૬૫થી ૭૦ કિલોમીટરની ઝડપે પવન ફૂંકાયો

**કિસાનપરા ચોકમાં રોડ પર ધડાકાભેર હોર્ડિંગ્ઝ પડતાં લોકોમાં ગભરાટ ફેલાયો, સદભાગ્યે કોઈ જાનહાનિ ન થઈઃ ૩૦ મિનિટનું વાવાઝોડું, ૩૦ ઝાડ, ૨ હોર્ડિંગ ધરાશાયી**





તસવીર : આનંદ જાવીયા

**મુખ્ય સમાચાર, રાજકોટ**

રાજકોટમાં સમીસાંજે વાતાવરણમાં પલટો આવ્યો હતો અને અડધીથી પોણી કલાક માટે ૬૫થી ૭૦ કિલોમિટરની ઝડપે મિનિ વાવાઝોડું ફૂંકાયું હતું જેમાં બે હોર્ડિંગ્ઝ અને ૩૦થી વધુ ઝાડ જમીનદોસ્ત થઇ ગયા હતા. સદભાગ્યે જાનહાનિ થઇ ન હતી. મનપાએ હજુ થોડા સમય પૂર્વે જ તમામ એડ એજન્સીઓને ભાડે રાખેલા અને ખાનગી તમામ હોર્ડિંગ્ઝનો સ્ટ્રક્ચર એન્જિનિયર પાસે કરાવેલો સ્ટેબિલિટી રિપોર્ટ માગ્યો હતો. જે આવે તે પહેલાં જ એજન્સીઓના હોર્ડિંગ્ઝ નાગરિકો માટે કેટલા જોખમી છે તેની પોલ ખૂલી ગઇ હતી. વાવાઝોડા સાથે વરસાદી ઝાપટાં પડતા મનપાના ચોપડે ત્રણથી આઠ મીમી વરસાદ નોંધાયો હતો. જો કે, પશ્ચિમના કેટલાક વિસ્તારમાં એક ઈંચ જેટલો વરસાદ પડી ગયો હતો.

રાજકોટ મનપાના ફાયર શાખાના સૂત્રોએ જણાવ્યા અનુસાર શહેરમાં સમીસાંજે મિનિ વાવાઝોડું ફૂંકાયું હતું. ચક્રાવાતની જેમ ફૂંકાયેલા વાવાઝોડાની તીવ્રતાને કારણે કિસાનપરા ચોક અને જાગનાથ-૪૧માં બે હોર્ડિંગ્ઝ ધરાશાયી થઇ ગયા હતા. તેમજ સાધુ વાસવાણી રોડ પર શિલ્પન ટાવરવાળી શેરી, કોઠારિયા રોડ પર મેહુલનગર-૩, ૮૦ ફૂટ રોડ પર અમૂલ સર્કલ પાસે, લીમડા ચોક સહિત ૩૦થી વધુ સ્થળે ઝાડ જમીનદોસ્ત થઇ ગયા હતા.

કિસાનપરા ચોકમાં હોર્ડિંગ્ઝ રોડ પર જ ધડાકાભેર પડતાં લોકોમાં ગભરાટ ફેલાઇ ગયો હતો. સદભાગ્યે કોઇ જાનહાનિ થઇ ન હતી. હોર્ડિંગ્ઝ ધરાશાયી થઇ રસ્તા પર પડતાં વાહનચાલકોને નીકળવું મુશ્કેલ થઇ પડ્યું હતું. આથી પોલીસના જવાનો અને લોકોએ હોર્ડિંગ્ઝને સાઇડમાં ખસેડી રસ્તા પર ટ્રાફિક વ્યવહાર પૂર્વવત કરાવ્યો હતો. જાગનાથ-૪૧માં પણ હોર્ડિંગ્ઝ પડી જતાં આસપાસના રહીશોમાં ગભરાટ ફેલાયો હતો.

હોર્ડિંગ્સના મુદ્દે મનપા સરવે શરૂ કરે તે પહેલા ગુરુવારે ૬૦થી વધુ કિમીની ઝડપે પવન ફૂંકાયો ત્યારે રેસકોર્સ રિંગરોડ પર એક હોર્ડિંગ્સ રોડ પર ધરાશાયી થઈ ગયું હતું. સદનસીબે કોઈ વાહન ચાલક પસાર થતા ન હોવાથી જાનહાની ટળી હતી.

ગુરુવારે સાંજે અચાનક વાતાવરણ પલટો થયો હતો. ચારે બાજુ ભારે પવન ફૂંકાતા હોર્ડિંગ બોર્ડ તો ઊડી જ ગયા હતા, પરંતુ શહેરના અનેક વિસ્તારોમાં વીજવિક્ષેપ પણ સર્જાયો હતો. શહેરના કાલાવડ રોડ, યુનિવર્સિટી રોડ, અમીન માર્ગ, રેલનગર, સામાકાંઠ સહિતના વિસ્તારોમાં વીજળી ગુલ થઇ ગઈ હતી. ભારે પવનને લીધે વીજલાઈન, ટ્રાન્સફોર્મર અને ફીડરમાં ખામી સર્જાઈ હતી. એકબાજુ બફારો અને બીજીબાજુ વીજળી ગુલ થઇ જતા ગરમીમાં લોકો અકળાયા હતા. સાંજે ૬ વાગ્યા આસપાસ વીજળી ગુલ થઇ હતી જે રાત્રે ૯ વાગ્યા સુધી પૂર્વવત નહીં થતા ત્રણ કલાક લોકોએ વીજળી વિના મુશ્કેલી વેઠવી પડી હતી. સતત ફરિયાદો આવતા વીજકંપનીનો સ્ટાફ પણ દોડતો રહ્યો હતો.

# રાજકોટ મહાનગરપાલિકાના તમામ આંગણવાડી કેન્દ્રો ખાતે બાલક પાલક સર્જન કાર્યક્રમની ઉજવણી

**મુખ્ય સમાચાર, રાજકોટ**

રાજકોટ મહાનગરપાલિકાના તમામ આંગણવાડી કેન્દ્રો ખાતે ICDS વિભાગ દ્વારા આંગણવાડીમાં કરાવવામાં આવતી પૂર્વ પ્રાથમિક શિક્ષણની પ્રવૃત્તિઓથી માતા-પિતા, વાલી અને જનસમુદાયને માહિતગાર કરવા તથા પ્રચાર પસાર માટેનાં એક પ્રયાસરૂપે બાળકોના નામાંકનમાં વધારો કરવા માટે બાલક પાલક સર્જન કાર્યક્રમની ઉજવણી કરવામાં આવી હતી.

આ ઉજવણી દરમ્યાન આંગણવાડીઓમાં થતી પૂર્વ પ્રાથમિક શિક્ષણ કાર્યની ૧૭ થીમ અંતર્ગત રંગપૂરણી, રેતીકામ, છાપકામ, ટપકાં જોડ, ચીટકકામ, માટીકામ, મણકા પરોવણી, ફિંગર પ્રિન્ટ, ચિત્ર દોરવું, બોટલમાં રેતી ભરવી, આકાર પૂર્ણ કરવા વગેરે જેવી વિવિધ પ્રવૃતિઓ વાલીઓ અને બાળકોએ સંયુક્ત રીતે આંગણવાડી કેન્દ્રો પર કરેલ. ૩ વર્ષ થી ૬ વર્ષના બાળકો વાલીઓ અને ૨ વર્ષ થી ૩ વર્ષના બાળકો વાલીઓ એમ બે તબક્કામાં તારીખ ૨૦/૫/૨૦૨૫ અને ૨૧/૫/૨૦૨૫ ના રોજ કાર્યક્રમની ઉજવણી કરવામાં આવી હતી.આંગણવાડી કેન્દ્રો પર આવતા ૩ થી ૬ વર્ષના બાળકોના જન્મદિવસની ઉજવણી અને ૬ માસ પૂર્ણ થતા બાળકને ઉપરી આહાર આપી અન્નપ્રાશન કરાવામાં આવેલ.

સમગ્ર કાર્યક્રમની ઉજવણી ડેપ્યુટી મ્યુનિસિપલ કમિશ્નર શ્રી મનીષ ગુરવાની, શીશુ કલ્યાણ વિભાગના ચેરમેન દિલીપભાઈ લુણાગરીયા અને પ્રોગ્રામ ઓફિસર શારદાબેન દેસાઈના માર્ગદર્શન હેઠળ કરવામાં આવેલ. આ ઉજવણીમાં પ્રોગ્રામ ઓફિસર, બાળ વિકાસ યોજના અધિકારી, મુખ્ય સેવિકા બહેનો, પ્રી સ્કૂલ ઈન્સ્ટ્રક્ટરો, આંગણવાડી કેન્દ્રોના બાળકો વાલીઓ, આંગણવાડી કાર્યકર અને તેડાગર બહેનો હાજર રહેલ.

# ગીર ગઢડાના બેડીયા ગામે યુવકે ગ્રામ પંચાયત વિરૂદ્ધ અરજી કરતા ઢોર માર માર્યો



**બેડીયા ગામના સરપંચના પ્રતિનિધિની દાદાગીરી સામે આવી અગાઉ પણ સરપંચના પ્રતિનિધિએ પીજીવીસીએલ કચેરીમા હોબાળો મચાવ્યો હતો**

**મુખ્ય સમાચાર, ઉના**
**રિપોર્ટઃ અબ્દુલ પઠાણ**

ગીર ગઢડા તાલુકાના બેડીયા ગામે જશુભાઈ ચનાભાઈ બલદાણીયા આહિર રહે બેડીયા પોતાના નવા મકાનથી જૂના મકાનને જોવા ગયા ત્યારે બેડીયા ગામના સરપંચના પ્રતિનિધિ ધર્મેશ સાધાભાઈ બલદાણીયા તેઓ કહે અરજદારને કહેતું અહીં ગામમાં કેમ આવ્યો જશુભાઈને જેમ ફાવે તેમ ભૂંડી ગાળો બોલવા લાગ્યો જ્યારે બીજા નંબરનો આરોપી સુરેશ ઉર્ફે ગુણાભાઈ આ બંને જણે જશુભાઈ ને મન ફાવે તેમ ભૂંડી ગાળો બોલી અને તેમને જાહેરમાં માર મારવામાં આવ્યો ઢીખા પાટુનો તેમને માર મારતા ગીર ગઢડા સરકારી હોસ્પિટલે સારવાર અર્થે લાવવામાં આવ્યા આ બનાવ બનતા ગીર ગઢડા પોલીસ સ્ટેશનને જાણ કરતા જશુભાઈ બંને વિરુદ્ધ ફરિયાદ નોંધાવી ફરિયાદ નોંધાવતા પોલીસે ફરિયાદ નોંધ અને કાયદેસરની કાર્યવાહી કરી

# મોરબી આધુનિક આરોગ્ય સેવામા NABH માન્યતાનું વધતું મહત્વ

**મુખ્ય સમાચાર, મોરબી**

મોરબી આજના સમયમાં આરોગ્યસેવાની ગુણવત્તા અને વિશ્વસનીયતા માટે NABH પ્રમાણપત્ર હોસ્પિટલો માટે અનિવાર્ય બની રહ્યું છે. NABHનાં ધોરણો હોસ્પિટલના સંચાલન, દર્દીની સુરક્ષા અને સેવાની શ્રેષ્ઠતા સુનિશ્ચિત કરે છે.

આજના સમયગાળામાં જ્યાં દર્દીઓ આરોગ્યસેવા માટે વધુ જાગૃત બન્યા છે, ત્યારે હોસ્પિટલો માટે પોતાની સેવાની ગુણવત્તા અને વ્યવસ્થાને સુધારવા NABH (National Accreditation Board for Hospitals & Healthcare Providers) જેવી માન્યતાઓ ખૂબ મહત્વ ધરાવે છે. NABH એ ભારત સરકારના Quality Council of India હેઠળ કાર્યરત સ્વાયત્ત સંસ્થા છે, જે હોસ્પિટલોને વૈશ્વિક ધોરણો મુજબ આરોગ્યસેવા આપવા માટે પ્રેરિત કરે છે.

NABHનું મહત્વમાં આ પ્રમાણપત્ર મેળવનાર હોસ્પિટલ દર્દીઓને વધુ સુરક્ષિત અને ગુણવત્તાવાળી સારવાર આપે છે, દર્દીના દૃષ્ટિકોણ મુજબ NABHના ધોરણો દર્દીનું સ્વાસ્થ્ય, સુરક્ષા અને સંતોષ કેન્દ્રમાં રાખે છે. NABH હૉસ્પિટલના સંચાલનમાં વ્યવસ્થિતતા અને પારદર્શિતા લાવે છે. સ્ટાફ માટે તાલીમ અને વિકાસમાં NABHના ધોરણો અનુસાર કર્મચારીઓની સતત તાલીમ જરૂરી બને છે, જેથી સેવાની ગુણવત્તા ઉંચી રહે. NABH પ્રમાણપત્ર હૉસ્પિટલને રાષ્ટ્રીય તેમજ આંતરરાષ્ટ્રીય સ્તરે વધુ માન્યતા મળે છે. આ સિવાય વિમા કંપનીઓ સાથે સરળ સંકળાવમાં ઘણા વીમા અને તૃતીય પક્ષ સંચાલક (TPA) માત્ર NABH માન્યતા પ્રાપ્ત હોસ્પિટલો સાથે જ સહકાર કરે છે.

વધુમાં, NABH માન્યતા માત્ર એક પ્રમાણપત્ર નથી, પણ તે હોસ્પિટલમાં વ્યાવસાયિકતા, જવાબદારી અને દર્દી પ્રતિ પ્રતિ-બદ્ધતાનું પ્રતિબિંબ છે. NABH પ્રમાણપત્ર ધરાવતી હૉસ્પિટલ પર દર્દીઓ અને તેમના પરિવારજનોને વિશ્વાસ વધુ હોય છે.

# વાંકાનેરના ઢુંવા નજીક દારૂના નશાની હાલતમાં પડી ગયેલા મજૂરનું મોત

**મુખ્ય સમાચાર, વાંકાનેર**

વાંકાનેર તાલુકાના ઢુવા ગામની સીમમાં આવેલી સનહાર્ટ સિરામિક ફેક્ટરી નજીક નશાની હાલતમાં પડી જવાથી એક શ્રમિકના મોતનો બનાવ સામે આવતા વાંકાનેર તાલુકા પોલીસે અ.મોતની નોંધ કરી આગળની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે. અપમૃત્યુના બનાવ અંગે મળતી માહિતી મુજબ, મુળ સમતેલ ગામ જી.ઇન્દોર (એમ.પી.)ના વતની હાલ સનહાર્ટ સિરામિકમાં રહેતા શિવ સન્જુભાઇ માવી ઉવ.૩૦ ગઈ તા. ૨૧ મેના રોજ સાંજે દારૂના નશામાં ધૂત હાલતમાં ચાલતી વખતે પડી ગયો હતો.

પડતા તેને માથાના પાછળના ભાગે ગંભીર ઈજા થવા પામી હતી. જેથી તેનું મૃત્યુ નીપજ્યું હતું, ત્યારે વાંકાનેર તાલુકા પોલીસે દિપભાઈ લાલજીભાઈ જીવાણી ઉવ.૨૯ રહે. મોરબી ગોલ્ડન હાઇટ્સ, એસ.પી. રોડ વાળા પાસેથી મૃત્યુ અંગે પ્રાથમિક વિગતો મેળવી અ.મોતની નોંધ કરી આગળની ઘટિત કાર્યવાહી કરવામાં આવી છે.

# રાજકોટ જિલ્લામાં મે માસમાં અનાજનો ૧૦૦ ટકા જથ્થો ફાળવાયો, હાલ વિતરણ પ્રગતિહેઠળ

**રાશનકાર્ડ ઈ-કેવાયસી મોબાઈલ એપથી જાતે પણ કરી શકાય છે**

**મુખ્ય સમાચાર, રાજકોટ**

રાજકોટ જિલ્લાના શહેરી તથા ગ્રામ્ય વિસ્તારોમાં રેશનકાર્ડ ધારકોનો અનાજનો જથ્થો બંધ કરાયા અને ઈ-કેવાયસી વિનાના રાશનકાર્ડધારકોને અનાજ ફાળવ-ાયું નહીં હોવાના અહેવાલો સત્યથી વેગળા હોવાનું જિલ્લા પૂરવઠા અધિકારી રાજશ્રી વંગવાણી દ્વારા જણાવાયું છે. તેમણે અખબારી યાદીમાં જણાવ્યું છે કે, રાજકોટ જિલ્લામાં મે માસમાં અનાજનો ૧૦૦ ટકા જથ્થો ફાળવાયો છે અને હાલ વિતરણ પણ ચાલુ જ છે.

યાદીમાં જણાવાયા મુજબ, ભારત સરકાર દ્વારા એપ્રિલથી રાશનના પ્રમાણિત વિતરણની સૂચના આપવામાં આવેલી છે. કુદરતી આફતો અથવા ગંભીર સમસ્યાઓના અપવાદોમાં પૂર્વ મંજૂરી વિના મેન્યુઅલ કે ઓફલાઇન વિતરણની મનાઈ ફરમાવાયેલી છે. જે રેશનકાર્ડ ધારકોનું ઈ-કેવાયસી થઈ ગયું છે તેઓને અનાજ વિતરણ ચાલુ જ છે અને ચાલુ રહેશે.

જે રેશનકાર્ડધારકોનું ઈ-કેવાયસી બાકી છે, તેઓ રાજકોટ શહેરની તમામ ઝોનલ કચેરીઓ, તાલુકા કક્ષાએ તમામ મામલતદાર કચેરીઓ, ગ્રામ પંચાયત ખાતે વી.સી.ઈ., વ્યાજબી ભાવના તમામ દુકાનદારો, નજીકની પોસ્ટ ઓફિસ દ્વારા ઈ-કેવાયસી કરાવી શકે છે. કાર્ડધારકો જાતે પણ ઘરે માય રાશન મોબાઈલ એપથી ઈ-કેવાયસી કરાવી શકે છે. આમ કોઈપણ લાભાર્થી અનાજથી વંચિત રહેશે નહીં.

યાદીમાં જણાવાયા મુજબ, મે માસ દરમિયાન અનાજનો ૧૦૦ ટકા જથ્થો ફાળવી દેવામાં આવ્યો છે અને તેનું વિતરણ પણ ચાલુ છે. જૂન માસના વિતરણ દરમિયાન જે લાભાર્થીઓએ ઈ-કેવાયસી કરાવેલું હશે તેઓને અનાજ મળી જાય તે સુનિશ્ચિત કરવામાં આવ્યું છે.

# જામનગરના ગુલાબનગરની મહિલાએ અક્રમ ખીરા વિરુદ્ધ સિટી એ ડિવિઝનમાં ફરિયાદ નોંધાવતા ખળભળાટ

**મુખ્ય સમાચાર, જામનગર**

જામનગરમાં ચોંકાવનારો કિસ્સો સામે આવ્યો છે. જેમાં એક વિધર્મી શખ્સે જામનગરના ગુલાબનગરમાં રહેતી પરણિત મહિલાને પોતાની જાળમાં ફસાવી હતી. આરોપીએ અનેક વખત દુષ્કર્મ પણ આચર્યું હતું, એટલું જ નહિ પીડિતાની ૭ વર્ષની બાળકી સાથે પણ શારીરિક અડપલાં કર્યાના ચોંકાવનારા આરોપ લાગી રહ્યા છે. સમગ્ર મામલે સિટી એ ડિવિઝન પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાઈ છે. જેને આધારે પોલીસે વધુ તપાસ હાથ ધરી છે.ચકચારી પ્રકરણની વિગત એવી છે કે જામનગરમાં વર્ષ ૨૦૨૨ ની ધારા-સભ્યની ચૂંટણી દરમ્યાન એક પરણિત મહિલા પોતાને જામનગરના આમ આદમી પાર્ટીના કાર્યકર ગણાવતા અક્રમ સલીમ ખીરાના સંપર્કમાં આવી હતી. તે વેળાએ આરોપીએ એવું કહ્યું હતું કે આપણે આમ આદમી પાર્ટીના પ્રચારમાં જવાનું છે અને જે મહિલાઓને આર્થિક સમસ્યા હોય તે મહિલાઓને સાથે લઈ લેજો.આ સમયથી બંને સંપર્કમાં આવ્યા બાદમાં આરોપી અક્રમે લગ્નની લાલચ આપી મહિલા સાથે પ્રેમ સબંધ બાંધ્યો હતો અને અનેક વખત દુષ્કર્મ આચર્યું હતું. શરૂઆતમાં અક્રમે એવુ જણાવ્યું હતું કે તેના લગ્ન થયાં નથી અને તેણીને અપનાવી લેશે.અંદાજે ત્રણ વર્ષ સુધી આરોપી અક્રમ પીડિત મહિલા સામે જબરજસ્તીથી સબંધ રાખ્યા હતા. આરોપી અક્રમ અવાર નવાર તેના ઘરે જતો અને શરીર સબંધ બાંધતો હતો. એટલું જ નહિ મહિલાની ૭ વર્ષની દીકરી સાથે શારીરિક અડપલાં કર્યા હતા.

વાત આટલાથી આટકતી ન હોય તેમ મહિલાને તેના પતિથી અલગ થઈ જવા કહી છુટાછેડા પણ લેવડાવી લીધા હતા.અક્રમ પીડિત મહિલાના ઘરમાં તાંત્રિક વિધિની વસ્તુઓ પણ મૂકી હતી. હાલ પોલીસે જામનગર સિટી એ ડિવિઝન પોલીસ મથકમાં સમગ્ર મામલે પીડિત મહિલાએ ફરિયાદ દાખલ કરાવતા પોલીસે પોક્સો, દુષ્કર્મની કલમ હેઠળ અક્રમ સામે ગુનો નોંધ્યો છે.

# ટેકાના ભાવે ઘઉંની ખરીદીમાં રાજ્ય સરકાર આપશે બોનસ

**ઘઉંના પ્રતિ ક્વિન્ટલ ૨૪૨૫ના ભાવ પર વધુ ૧૫૦નુ બોનસ મેળવશે ખેડૂતો**

**મુખ્ય સમાચાર, રાજકોટ**

ખેડૂતોને તેઓના ઉત્પાદનના પોષણક્ષમ ભાવ મળી રહે તે માટે સરકાર દ્વારા ગુજરાત રાજ્ય નાગરિક પુરવઠા નિગમ લિમિટેડ મારફતે રવિ માર્કેટિંગ સિઝન ૨૫-૨૬ અંતર્ગત લઘુત્તમ ટેકાના ભાવે ઘઉંની ખરીદી કરવામાં આવી રહી છે. ભારત સરકાર દ્વારા ઘઉંની ખરીદી માટે ટેકાનો ભાવ રૂ.૨,૪૨૫ પ્રતિ ક્વિન્ટલ જાહેર કરવામાં આવેલ છે. તા. ૩૧/૦૫/૨૦૨૫ સુધી ટેકાના ભાવે ઘઉંની ખરીદી કરવામાં આવશે. આ ટેકાના ભાવ પર હવે રાજ્ય સરકાર દ્વારા ઘઉંના પ્રતિક ક્વિન્ટલે રૂ. ૧૫૦ બોનસ આપવામાં આવશે, જેનો લાભ લેવા રાજકોટ જિલ્લાના ખેડૂત મિત્રોને રાજકોટ જિલ્લા ખેતીવાડી અધિકારી દ્વારા અનુરોધ કરાયો છે.

# વાંકાનેર મંદિરમાં ફોટા પાડવા બાબતે રાજકોટના યુવક ઉપર ચાર શખ્સોએ કર્યો હુમલો

**મુખ્ય સમાચાર, વાંકાનેર**

વાંકાનેરમાં પેડક સોસાયટીમાં આવેલ શીતળા માતાજીના મંદિરમાં ફોટા પાડતા રાજકોટના યુવક ઉપર ચાર શખ્સો દ્વારા હુમલો કરવામાં આવ્યો હતો, જેમાં યુવકને ઢીકા પાટુનો માર મારી લાકડી ફટકારવામાં આવી હતી, ત્યારે ભોગ બનનાર દ્વારા ચારેય આરોપીઓ વિરુદ્ધ ફરિયાદ નોંધાવવામાં આવી છે. પ્રાપ્ત વિગતો અનુસાર, રકજકોટ માધાપર ચોકડી પાસે મનહરપુર-૧ માં રહેતા પરેશભાઈ લખભાઈ પરેશા ઉવ.૨૨ એ વાંકાનેર સીટી પોલીસ મથકમાં આરોપી યશરાજસિંહ ઝાલા, જયદ્રથસિંહ ઝાલા તથા તેની સાથે આવેલ બે અજાણ્યા માણસો રહે બન્ને પેડક સોસાયટી વાંકાનેર વાળા વિરુદ્ધ ફરિયાદ નોંધાવી હતી, જેમાં જણાવ્યા અનુસાર ગઈ તા. ૨૧/૦૫ ના રોજ ફરીયાદી પરેશભાઈ તથા તેની સાથેના સાહેદો વાંકાનેર પેડક સોસાયટીમાં આવેલ શીતળા માતાજીના મંદિરે ફોટા પાડતા હોય જે ઉપરોક્ત આરોપીઓને સારુ નહિ લાગતા, જે બાબતે ફરિયાદી તથા સાહેદો સાથે બોલાચાલી ઝઘડો ચાલુ કર્યો હતો, જે બાદ આરોપીઓએ જેમ ફાવે તેમ ગાળો આપી ફરીયાદીને ઢીકાપાટૂનો માર મારી, લાકડીથી વાસામા પાછળના ભાગે માર મારી સામાન્ય મુંઢ ઇજા પહોચાડી હતી, ત્યારે વાંકાનેર પોલીસે ચારેય આરોપીઓ વિરુદ્ધ ગુનો નોંધી આગળની ધોરણસરની કાર્યવાહી હાથ ધરી છે.

# ધોરાજીમાંથી રૂ.૧૨.૩૪ લાખથી વધુ રકમનું ૩૬ હજાર કિલો બિલ વગરનું સરકારી અનાજ જપ્ત કરતા પ્રાંત અધિકારી

**મુખ્ય સમાચાર, રાજકોટ**

ધોરાજીના પ્રાંત અધિકારી નાગાજણ તરખાલાની ટીમે ધોરાજીમાં એક ગોડાઉનમાથી અંદાજે રૂ.૧૨.૩૪ લાખથી વધુ રકમના ૩૬ હજાર કિલો અનાજની ૭૨૧ બેગમાં બીલ વગરનું શંકાસ્પદ સરકારી અનાજ જપ્ત કરી આગળની કાર્યવાહી હાથ ધરી છે. ઉપલેટા મામલતદાર આર.કે. પંચાલ દ્વારા પકડાયેલા અનાજના જથ્થા બાબતે આગળની તપાસ હાથ ધરતા ધોરાજીમાં પ્લાસ્ટિકના કારખાનાઓ પાસે એક શંકાસ્પદ ગોડાઉન બાબતે જાણકારી મળતા પ્રાંત અધિકારી-ધોરાજી, મામલતદાર-ધોરાજી,નાયબ મામલતદાર પુરવઠા તથા મામલતદાર,ધોરાજીની ટીમ દ્વારા ૫૧૮ બેગ ઘઉં જેની કિંમત ૦૮,૨૮,૮૦૦/- અને ૨૦૩ બેગ ચોખા જેની કિંમત ૦૪,૦૬,૦૦૦/- એમ મળી કુલ-૭૨૧ બેગ અંદાજે ૩૬,૦૦૦/- કિલો અનાજ કે જેની કુલ કિંમત ૧૨,૩૪,૮૦૦/- નું શંકાસ્પદ સરકારી અનાજ બીલ વગરનું જપ્ત કર્યું છે. આ સિવાય ૨ બોલેરો કે જેની અંદાજિત કિંમત ૧૦,૦૦,૦૦૦/- ની થાય છે તે સીઝ કરીને પોલીસને સોંપેલ છે. ગોડાઉન ભાડે રાખનાર માલવિયા મહમદભાઈ જમાલભાઈનું નામ આવતા આગળ કાયદા મુજબ કાર્યવાહી થશે તેમ પ્રાંત અધિકારી નાગાજણ તરખાલાએ જણાવ્યું હતું.

# કેચ ધ રેઈન ૨.૦ રાજકોટ જિલ્લાના ૧૧ તાલુકાઓમાં ૩૯ તળાવો ઊંડા ઉતારાશે

**બંધ પાળાને લગતા ૯૩ કામો શરૂ કરી દેવાયાઃ ખેત તલાવડીના ૨૨ કામો પ્રગતિહેઠળ**

**મુખ્ય સમાચાર, રાજકોટ**

રાજ્યમાં ચોમાસાના પાણી થકી ભૂગર્ભ જળસંચય કરવાના મુખ્ય હેતુસર સુજલામ સુફલામ જળ અભિયાન -કેચ ધ રેઈન-૨.૦ અભિયાન શરૂ કરવામાં આવ્યું છે. જે અંતર્ગત રાજકોટ જિલ્લામાં આયોજન હેઠળના મંજૂર થયેલા કુલ ૧૮૬ કામો પૈકી ૧૪૩ કામો શરૂ પણ કરી દેવામાં આવ્યા છે. રાજકોટ જિલ્લાના ૧૧ તાલુકાઓમાં ૩૯ તળાવોને ઊંડા ઉતારવાના કામોને વહીવટી મંજૂરી અપાઈ છે. જેમાં ૨૮ કામો ચાલુ પણ થઈ ગયા છે. જસદણ તાલુકામાં પાંચ, ધોરાજી તથા જામકંડોરણામાં ૪-૪ તથા ગોંડલ, રાજકોટ, ઉપલેટા, વિંછીયા તાલુકામાં ૩-૩ તળાવને ઊંડા ઉતારવાનું કામ ગતિમાં છે.

જિલ્લામાં બંધ પાળાઓને લગતા કુલ ૧૧૯ કામોને વહીવટી મંજૂરી અપાઈ છે. જેમાંથી ૯૩ કામોનો પ્રારંભ કરી દેવાયો છે. જેમાં જામકંડોરણા તાલુકામાં સૌથી વધુ ૧૮, જસદણમાં ૧૫, ધોરાજી-ઉપલેટામાં ૧૪-૧૪, કોટડાસાંગાણીમાં ૧૨ તથા ગોંડલ તાલુકામાં ૧૦ કામો પ્રગતિમાં છે.

જિલ્લામાં ખેત તલાવડીના મંજૂર કરાયેલા ૨૮ કામો પૈકી ૨૨ કામો શરૂ કરી દેવાયા છે. જે પૈકી વિંછિયા તાલુકામાં સૌથી વધુ સાત કામો ચાલી રહ્યા છે.

MUKHYA SAMACHAR (DAILY EVENING) Publisher, Editor, Printer & Owner : RAJDEEPSINH MANOHARSINH ZALA, Place of Publication : 4/5 Corner Deepak Society, Near Kanaiya Chowk, Raiya, Road, Rajkot-360007 (Gujarat), Printed At :R P PUBLICATION, 31-A JAY JALARAM INDUSTRIAL ESTATE, NH 8B, B/H RUDA TRANSPORTNAGAR, POST-SOKHDA, RAJKOT-360003, GUJARAT

# સરધારમાં પુર્વ ઉપસરપંચની ત્રિકમના ઘા ઝીંકી ક્રુર હત્યાઃ રાજસ્થાની શખ્સ ફરાર

## મોડી રાતે બનેલો બનાવલાશ વાડીમાં ખાટલા પર પડેલી હતી, ત્રિકમ તેમની છાતીમાં ખૂંપેલુ હતું, ગામના આગેવાનો, ગ્રામજનો, સગા સંબંધી મિત્રો વાડીએ દોડી ગયા





**મુખ્ય સમાચાર, રાજકોટ**

રાજકોટ ના સરધાર ગામના પુર્વ ઉપ સરપંચની તેમની જ વાડીમાં ક્રુર હત્યા થઇ જતાં સમગ્ર પંથમકમાં ચકચાર મચી ગઇ છે. ઘટના બાદ વાડીમાં કામ કરતો રાજસ્થાની મજૂર ગાયબ હોઇ તેના તરફ શંકા ઉપજતાં શોધખોળ રહી છે. પુર્વ ઉપ સરપંચની લાશ તેમની વાડીમાં ખાટલા પર પડેલી હતી. ત્રિકમ તેમની છાતીમાં ખૂંપેલુ હતું. સવારે મિત્ર વાડીએ આટો મારવા આવતાં ઘટનાની જાણ થઇ હતી.

આ અંગેની જાણવા મળ્યા મુજબ સરધાર ગામમાં હાઇસ્કૂલ પાસે રહેતાં હરેશભાઇ મોહનભાઇ સાવલીયા (ઉ.વ.૫૨)ની તેમની વાડીમાં હત્યા થઇ ગયાની જાણ થતાં આજીડેમ પીઆઇ એ. બી. જાડેજા, પીએસઆઇ જનકસિંહ જી. રાણા, એએસઆઇ રવિભાઇ વાંક, હારૂનભાઇ ચાનીયા, રાઇટર લક્ષમણભાઇ મકવાણા, મેરૂભા ઝાલા સહિતની ટીમ દોડી ગઇ હતી. પોલીસ તપાસમાં ખુલ્યા મુજબ હત્યાનો ભોગ બનનાર હરેશભાઇ સાવલીયા સરધારના પુર્વ ઉપ સરપંચ હતાં. તેમણે છએક મહિના પહેલા વાડીમાં મજૂરી માટે રાજસ્થાની મજૂરને રાખ્યો હતો. હત્યાની ઘટના બાદ આ મજૂર ગાયબ હોઇ તેના તરફ શંકા ઉભી થતાં તેની શોધખોળ હાથ ધરવામાં આવી છે.


હરેશભાઇ સાવલીયા દરરોજ વાડીએ સુવા જતાં હતાં. ગત સાંજે પણ નિત્યક્રમ મુજબ વાડીએ ગયા હતાં. આજે સવારે તેમના મિત્ર કોઇ કામ માટે વાડીએ આટો મારવા આવ્યા ત્યારે ખાટલામાં હરેશભાઇની લોહીલુહાણ લાશ જોઇ હતપ્રભ થઇ ગયા હતાં. હરેશભાઇની છાતીમાં ત્રિકમ ખૂંપેલુ હતું. તેમણે તેમના પરિવારજનો અને પોલીસને તેમજ ૧૦૮ને જાણ કરી હતી. ૧૦૮ના તબિબે હરેશભાઇને નિષ્પ્રાણ જાહેર કર્યા હતાં. પોલીસે પંચનામુ કરી મૃતદેહને પોસ્ટમોર્ટમ માટે ખસેડયો હતો. બનાવની જાણ થતાં તાલુકા પંચાયતના સદસ્ય ચેતનભાઇ પાણ તેમજ ગામના આગેવાનો, ગ્રામજનો, સગા સંબંધી મિત્રો વાડીએ દોડી ગયા હતાં. ગામમાં ઘટનાની જાણ થતાં અરેરાટી વ્યાપી ગઇ હતી.

હત્યાનો ભોગ બનનાર હરેશભાઇ સાવલીયા ખુબ જ સરળ સ્વભાવના અને ધર્મપારાયણી હતાં. તેઓ ઓર્ગેનિક ખેતીમાં ખુબ રસ ધરાવતાં હતાં. લગભગ દરેક પ્રકારના ફળો તેમણે વાડીમાં ઉગાડયા હતાં. મોટા ખાતેદાર તરીકે ઓળખાતા હરેશભાઇ વર્ષ ૨૦૦૫થી ૨૦૧૦ સુધી ગામના ઉપ સરપંચ પદે હતાં. તેમણે ગામના વિકાસ માટે પણ ખુબ સારા કાર્યો કર્યા હતાં. તેમની હત્યાથી ગામમાં અને આસપાસના ગામોમાં પણ ગમગીની વ્યાપી ગઇ હતી. મૃતદેહને પોસ્ટમોર્ટમ માટે રાજકોટ ખસેડાતાં ચેતનભાઇ પાણ તેમજ બીજા આગેવાનો, ગ્રામજનો, સગા સંબંધીઓ મોટી સંખ્યામાં અહિ પહોંચ્યા હતાં.

પોલીસની પ્રાથમિક તપાસમાં ખુલ્યા મુજબ હરેશભાઇએ વાડીમાં કામ માટે રાજસ્થાની મજૂરને છએક મહિના પહેલા રાખ્યો હતો. ઘટના બાદ આ મજૂર ગાયબ છે. રાતના બાર સુધી હરેશભાઇ જાગતાં હોવાનું અને ઘટના એ પછી બની હોવાનું પ્રાથમિક રીતે જાણવા મળ્યું છે. ઉચ્ચ અધિકારીઓની રાહબરીમાં આજીડેમ પીઆઇ અશોકસિંહ બી. જાડેજા, પીએસઆઇ જનકસિંહ જી. રાણા અને ટીમ ભેદ ઉકેલવા દોડધામ શરૂ કરી છે.

# સ્કૂલ સંચાલકને બ્લેકમેઈલ કરી ૨૫ લાખની ખંડણી માગનાર ત્રીપુટી ઝડપાઇ

### અંગત પળોનો વિડિયો વાયરલ ન કરવાની ધમકીથી રૂપિયા પડાવવાનું ભારે પડ્યુંઃ સીસીટીવી ઈન્સ્ટોલ કરનાર શખ્સની શોધખોળ



**મુખ્ય સમાચાર, રાજકોટ**

શહેરના ગાંધીગ્રામ લાખના બંગલા પાસે આવેલી નિધી સ્કૂલના સંચાલકનો અંગત પડોના સાત જેટલા વિડિયો સીસીટીવી ઈન્સ્ટોલ કરનાર ગજેરા કોમ્પ્યુટરના કર્મચારીની મદદથી ચોરી કરી આ પૈકીના બે વિડિયો વાયરલ કરી અન્ય પાંચ વિડિયો વાયરલ નહીં કરવાની ધમકી આપી કથીત પત્રકારની ટોળકીએ લ રૂા.૨૫ લાખની ખંડણી માંગી હતી. આ મામલે સ્કૂલના સંચાલકે ક્રાઈમ બ્રાંચનો સંપર્ક કરી જાણ કરતાં ક્રાઈમ બ્રાંચ પોલીસ સ્ટેશનમાં આ અંગે ફરિયાદ નોંધાયા બાદ રાતોરાત ત્રણ પત્રકારો અને સીસીટીવી કેમેરા ઈન્સ્ટોલનું કામ કરતી કંપનીના કર્મચારી મળી ચાર શખ્સોને ક્રાઈમ બ્રાંચે સકંજામાં લઈ – વિશેષ પુછપરછ શરૂ કરી છે. ગાંધીગ્રામમાં આવેલ ભારતી નગર શેરી નં.૨ માં રહેતાં અને લાખના બંગલા પાસે નિધી સ્કૂલ ચલાવતાં યશપાલસિંહ સિંધુભા ચુડાસમા (ઉ.વ.૪૭) એ નોંધાવેલ ફરીયાદમાં સ્પોર્ટ નામનું આરોપી તરીકે સોશ્યલ રિપોર્ટ નામનું સાંધ્ય દૈનિક ચલાવતાં આશિષ ડાભતેની સાથેના એજાજ ગોરી અને ધર્મેશ દોશી અને ભક્તિગર સર્કલ પાસે આવેલ ગજેરા કોમ્પ્યુટર નામની કંપનીના કર્મચારીનું નામ આપ્યું છે.

યશપાલસિંહને વ્હોટ્સએપ મેસેજ આવેલ જે જોતા સૌશીયલ રીપોર્ટ સાંધ્ય દૈનીકનો એક ફોટો હતો, જેમાં તેઓની સ્કુલની ચેમ્બરનો ફોટો હતો, જેમાં તેઓ અને તેમની સ્ત્રી મિત્ર આર્લીંગન અવસ્થામાં હોય તેવું દેખાતું હતું. જેની નીચે વિદ્યાના મંદીરને કલંકીત કરતો નરાધમ કોણ ? તેવું લખેલ હતું. તેઓએ પોતાની રીતે તપાસ કરતા આ સોશીયલ રીપોર્ટ સાંધ્ય દૈનીક આશીપ ડાભી સંચાલીત છે, તેવું ધ્યાનમાં આવેલ, જેથી તેઓ ખુબ જ ડરી ગયેલ અને યશપાલસિંહ ચુડાસમાએ તેમના મિત્રને ફોન કરી બદનામીથી બચાવવા કહેલ હતું. ત્યારબાદ સોશીયલ રીપોર્ટ સાંધ્ય દૈનીકની ફેસબુક તથા ઈન્સ્ટાગ્રામની સાઈટ ઉપર આ ફોટો અપલોડ કરવામાં આવેલ હતો, બાદમાં ફરિયાદીના મિત્રએ બીજા દીવસે સવારે મળીને જણાવેલ કે, આશીષ ડાભી આવેલ હતો અને તેની પાસે આવા સાત વિડીયો છે, આ વિડીયો વાયરલ નહીં કરવા પેટે તે રૂ.૨૫ લાખની માંગણી કરે છે. આ વિડીયો બીજા લોકો પાસે છે, જે લોકો સામે બેસવાની ના પાડે છે. તેમજ કહેલ કે, મારા થકી આ મેટર પતી જશે, તમે જો આ રકમ તેને નહીં આપો તો આ વિડીયો વાયરલ થઈ જશે તેમ જણાવેલ હતું.

જેથી યશપાલસિંહ ખૂબ જ ગભરાય ગયેલ અને મનોમન આત્મહત્યા કરવાનું લાગી આવેલ હતું. ત્યારબાદ યશપાલસિંહને તેમના મિત્ર સમર્પણ હોસ્પિટલ વાળા ધર્મેન્દ્રસિંહવાળાનો ફોન આવેલ કે, એવાજ તથા ધર્મેશ નામના વ્યક્તિઓએ પાસે તમારા વિડીયો હોવાની પોતાને વાત કરેલ છે. જેથી ફરીયાદીએ તેઓને આ વિડીયો વાળું પ્રકરણ પૂરૂ કરાવવા કહેલ હતું. યશપાલસિંહ તેમના મિત્ર ધર્મેન્દ્રસિંહ વાળા સાથે ફોનથી સતત સંપર્કમાં હોય તેઅને તેઓએ કહેલ કે, એજાજ તથા ધર્મેશ બન્ને મારી સાથે સંપર્કમાં છે, તેઓ બન્ને પૈસાની માંગણી કરે છે. જો આપણે તેઓને પૈસા આપી દેશું તો તેઓ આ વિડીયો વાયરલ નહી કરે અને આ પ્રકરણ પતી જશે, તેમજ તે લોકોએ તેવું પણ કહેલ છે કે, જો આ બાબતે પોલીસ કે અન્ય કોઈને વાત કરશો તો તમારૂં જીવવું મુશ્કેલ બની જશે તેવી વાત કરેલ હતી. આ ટોળકીએ કાવતરું રચી બદનામીનો ડર બતાવી ૨૫ લાખની ખંડણીની રકમ પડાવવા માંગતા હોય તેવું લાગતું હતું. તેઓની સ્કુલમાં જેતે વખતે સી.સી.ટી.વી. ફીટ કરનાર કંપનીનો માણસ જેની પાસે પાસવર્ડ હતા તે પાસવર્ડ તેઓની અજ્ઞાનતાના કારણે બદલાવેલ ન હતા, જેથી સીસીટીવી ફીટ કરનાર માણસએ સ્કુલની ચેમ્બરના સીસીટીવી વિડીયો મેળવી લઈ આરોપીઓ સાથે મળી બ્લેકમેઈલ કરી તેઓની પાસેથી મોટી રકમ પડાવવા અને તેઓની નીજી જીંદગીને લોકો સમક્ષ મુકી તેઓ અને તેમની શૈક્ષણીક સંસ્થાને બદનામ કરવા કાવતરું રચેલ છે. બનાવ અંગે યશપાલસિંહની ફરીયાદ પરથી ક્રાઈમ બ્રાન્ચના ડીસીપી પાર્થરાજસિંહ ગોહિલ, એસીપી બી.બી.બસીયાની સુચના અને માર્ગદર્શન હેઠળ ક્રાઈમ બ્રાંચના પીઆઈ એમ.એલ.ડામોર અને ટીમે તપાસ કરી રાતોરાત આ ટોળકીના મુખ્ય સૂત્રધાર આશિષ ડાભી, એજાજ ગોરી, ધર્મેશ દોશી અને સીસીટીવી ઈન્સ્ટોલ કરનાર ગજેરા કોમ્પ્યુટરના કર્મચારીને સકંજામાં લઈ વિશેષ તપાસ શરૂ કરી છે.

# જામનગરમાં ત્યકતા પર વિધર્મી શખસે દુષ્કર્મ આચરીને ૭ વર્ષની બાળકી સાથે કર્યા અડપલા

**મુખ્ય સમાચાર, જામનગર**

જામનગર માં ત્યકતાને લગ્નની લાલચ આપીને એકાંતના ફોટાઓ પાડીને બળજબરીથી દુષ્કર્મ આચરી તેણીની ૭ વર્ષની બાળકી સાથે પણ અડપલા કરીને બીડીના ડામ દીધાની ફરિયાદ પરથી પોલીસે આરોપી ધરપકડ કરીને જેલ હવાલે કર્યો છે.

આ અંગેની માહિતી મુજબ શહેરી વિસ્તારમાં રહેતી એક છુટાછેડા લીધેલી મહિલાને વર્ષ ૨૦૨૨ની ચુંટણીમાં આરોપી અકરમ સલીમ ખીરા નામનો શખસ આમ આદમી પાર્ટીના પ્રચારમાં સાથે હોવાથી ઓળખ થઈ હતી. જે બાદ અકરમે તે મોટો કાર્યકર હોવાનું કહીને મહિલાને ફસાવી હતી અને તે અપરણિત હોવાનું કહીને તેણી સાથે લગ્ન કરવાનો વાયદો કર્યો હતો. જે બાદ બન્ને એકાંતની પળો માણતા હતાં તેના વિડીયો અને ફોટાઓ પાડી લીધા હતાં. જે બાદ મહિલાએ તેણીના પતિથી છુટાછેડા લઈને એક ભાડાના મકાનમાં રહેતી હતી. જ્યાં અકરમ આવીને રહેતો હોય અને તે પરિણિત હોવાની જાણ થઈ હતી. જે બાદ બન્ને વચ્ચે ઝગડા થતાં અને મહિલાએ સંબંધ પુરા કરવાનું કહેતા એકાંત પળોના ફોટા અને વિડીયો વાયરલ કરવાની ધમકી આપીને બળજબરીથી દુષ્કર્મ આચરતો હતો. તેના પરિવારના સભ્યોએ પણ તેણીને અપનાવી લેવાનું કહ્યું હતું. ગત દિવસોમાં જ અકરમે મહિલાની ૭ વર્ષની બાળકી સાથે પણ અડપલા કરીને બીડીના ડામ ગાલ ઉપર દીધા હતાં. જે અંગેની મહિલાએ પોલીસમાં ફરિયાદ નોંધાવતા પીઆઈ નિકુંજસિંહ ચાવડાએ અકરમ સામે દુષ્કર્મ, પોક્સો સહિતની કલમ હેઠળ ગુનો નોંધીને ધરપકડ કરી એક દિવસના રીમાન્ડ બાદ જેલ હવાલે કરવામાં આવ્યો છે. આ ગુનામાં મદદગારીમાં આરોપીના પરિવારના સભ્યો સામે પણ ગુનો નોંધ્યો છે.

# નવાગામ માં પરણીતાને નાનો ભાઈ ભગાડી જતા મોટાભાઈને શખ્સો એ શોધી માર માર્યો



**મુખ્ય સમાચાર, રાજકોટ**

નવાગામ (આણંદપર) શેરી નં.૦૩ દ્રષ્ટિ વિલાની સામે રહેતા જીગરભાઈ ઉકાભાઈ વણકરિયા(ઉ. ૩૮)નો નાનો ભાઈ કૌશિક ત્યાં નજીકમાં રહેતા વિજયભાઈની પત્નીને ભગાડી જતા વિજયના ભાઈ વિપુલ સહિત ચાર શખ્સોએ જીગરને બેફામ મારમારતા તેમને ઈજા પહોંચી હતી.આ મામલે કુવાડવા પોલીસે વધુ તપાસ શરૂ કરી છે. જીગરભાઈએ ફરિયાદમાં જણાવ્યું હતું કે,હું ફૂટવેર ની દુકાન ચલાવું છું મારા પરિવારમાં મારા પિતા ઉકાભાઈ તથા માતા વિનતાબેન તથા મારી પત્ની પ્રિયાબેન તથા મારો નાનો ભાઈ કૌશિકભાઈ છે.કૌશિકભાઈ આશરે આઠ દિવસ પહેલા કોઈને કંઈ કહ્યા વગર વિજયભાઈની પત્ની નયનાબેન ને લઈને જતો રહેલ હતો તે ક્યાં ગયેલ છે તેની જાણ નથી બાદમાં વિજયભાઈના ભાઈ વિપુલભાઈ બે-ત્રણ વાર અમારા ઘરે આવ્યા હતા અને તેમના ભાઈ વિજયભાઈ ની પત્ની નયનાબેનને સોંપી દેવા માટે કહેતા હતા તથા અમને ધાક-ધમકી આપતા હતા. પરંતુ એમના સાથે કૌટુંબિક સંબંધો હોય જેથી કોઈ પોલીસ ફરિયાદ કરેલ નહીં. બાદ તા.૨૧/ ૦૫ના બપોરના અમે અમારા ઘરે હતા ત્યારે આ વિજયભાઈના ભાઈ વિપુલભાઈ અમારા ઘરે આવેલ અને મને કહેલ કે વિજયભાઈની બંને દીકરીઓ સાથે આવેલ હોય તેમના નિવેદન લેવા માટે બી-ડિવિઝન પોલીસ સ્ટેશન જવાનું હોય જેથી તમે અમારી સાથે આવો તેમ કહેતા હું તેમની સાથે પોલીસ સ્ટેશન જવા માટે નીકળેલ હતો.દરમ્યાન ઘરની બહાર પહોચતા અમો બન્ને આ બાબતે વાતચીત કરતા હતા ત્યારે એક બાઈકમાં ત્રણ અજાણ્યા શખ્સો આવેલ જેના હાથમાં લોખંડના પાઈપ હોય જેમાંથી એક વ્યક્તિપાસેથી વિપુલભાઈએ પાઈપ લઈને મને માથાના ભાગે પાઈપ મારેલ હતો. બીજા અજાણ્યા ત્રણેય ઇસમો ભેગા મળીને મને હાથે પગે તથા શરીરે માર મારેલ હતો બાદ માણસો ભેગા થઈ જતા તેઓ બે બાઈક પર ત્યાંથી ભાગી ગયેલ હતા. બાદમાં કોઈએ ૧૦૮માં ફોન કરતા ૧૦૮ મારફતે મને સરકારી હોસ્પિટલ રાજકોટ ખાતે સારવારમાં લાવ્યા હતા.આ મામલે કુવાડવા પોલીસ માં ફરિયાદ નોંધાઈ હતી.

# વેરાવળમાં પરીણિત યુવક અને યુવતિએ સજોડે કર્યો આપઘાત

### હરસિધ્ધિ સોસાયટીમાં પ્રેમ પ્રકરણના કારણે ગળેફાંસો ખાઈ જીવન ટુંકાવ્યું

**મુખ્ય સમાચાર, વેરાવળ**

વેરાવળ શહેરમાં પ્રેમ પ્રકરણમાં દુખદ ઘટના બની છે. પરણિત યુવક અને યુવતીએ અત્રેની હરસિધ્ધિ સોસાયટી પાસે સજોડે ગળેફાંસો ખાધો છે. પોલીસની પ્રાથમિક તપાસમાં પ્રેમ પ્રકરણને કારણે બંનેએ આપઘાત કર્યો હોવાનું સામે આવ્યું છે.



આ અંગેની માહિતી મુજબ વેરાવળ શહેરની હરસિધ્ધિ સોસાયટી પાસે વહેલી સવારે સોસાયટીના છેવાડાના ભાગે આવેલી અવાવરૂ જગ્યામાં એક યુવક અને યુવતીના મૃતદેહ ઝાડ પર લટકતા મળી આવ્યા હતા. સ્થાનિક લોકોએ આ અંગે તરત જ પોલીસને જાણ કરી હતી. ઘટનાની માહિતી મળતાં વેરાવળ સીટી પોલીસના પી.એસ.આઈ. જી.એન.કાછડ સહિતનો સ્ટાફ તાત્કાલિક ઘટના સ્થળે પહોંચ્યો હતો. પોલીસે બંને મૃતદેહને પોસ્ટમોર્ટમ માટે વેરાવળ સિવિલ હોસ્પિટલમાં ખસેડ્યા હતા.

પોલીસની પ્રાથમિક તપાસમાં મૃતક યુવક-યુવતીની ઓળખ મેળવતા યુવક કમલેશ કિશનભાઈ ભારાવાલા ઉં.વ.૨૯ અને તે પરણિત હોય જયારે યુવતીની ઓળખ નંદની વેલજીભાઈ કુહાડા ઉં.વ.૨૦ તરીકે થઈ છે. પોલીસે બંને મૃતકોના પરિવારજનોને જાણ કરી છે. પ્રાથમિક તપાસમાં પ્રેમ પ્રકરણને કારણે બંનેએ આપઘાત કર્યો હોવાનું સામે આવ્યું છે. પોલીસે આ મામલે વધુ તપાસ હાથ ધરી છે. આ ઘટનાએ સમગ્ર વિસ્તારમાં ચકચાર મચાવી છે.

# બોગસ દસ્તાવેજના આધારે બેંક સાથે ઠગાઈ કેસમાં દંપતિ ૧૨ વર્ષે ઝડપાયું

### ૮.૮૮ લાખની લોન લઈ દંપતી એ આંચરીતી છેતરપીંડી



**મુખ્ય સમાચાર, રાજકોટ**

રાજકોટ માં ૧૨ વર્ષે પૂર્વના બોગસ દસ્તાવેજ બનાવવાના ગુનામાં અને બેંક સાથે છેતરપીંડી કરવાના ગુનામાં ૧૨ વર્ષથી નાસતા ફરતા દંપતિને પેરોલ ફર્લો સ્કોવડની ટીમે પકડી લઈ સ્થાનિક એ ડિવિઝન પોલીસને સોપવામાં આવ્યું હતુ.

આ અંગેની વિગતો મુજબ, રાજકોટ શહેરનાર રૈયાગામના રેવન્યુ નં.૧૮૦ પ્લોટ નં.૨૭ મણીનગર ઓસ્કારસિટી પાસેનું પૂર્વ આયોજીત કાવતરૂ રચી બોગસ દસ્તાવેજ બનાવી આ બોગસ દસ્તાવેજનો ખરા તરીકે ઉપયોગ કરી બેંકમાંથી ૧૯.૮૯ લાખની લોન લઈ છેતરપીંડી કર્યાની ૨૦૧૫માં ફરિયાદ નોંધવામાં આવી હતી. ત્યારબાદ જામનગર રોડ પર આવેલા એક મકાનનો બોગસ દસ્તાવેજ બનાવી આરોપીઓએ આ દસ્તાવેજનો ખરા તરીકે ઉપયોગ કરી બેંકમાંથી ૮.૮૮ લાખની લોન લઇ બેંકો સાથે છેતરપીંડી કરી હતી. તેમજ ગોંડલ રોડ પર આવેલી લક્ષ્મી વિલાસ નામની બેંકમાંથી ૮ આરોપીઓએ બોગસ કાગળો રજૂ કરી લાખો રૂપિયની લોન મેળવી બેંક સાથે છેતરપીંડી કરી હતી. આ ઘટનામાં નાસતા ફરતા રાજેશ કુમાર ઉર્ફે રજનીશ કિશનભાઇ ઉર્ફે કુષ્ણાંતભાઇ ખોડા/ઠક્કર (ઉ.વ.૫૪) રહે. ગુણાતિત રેસીડન્સી ફલેટ નં.એ ૫૦૨, ઓશીયા મોલ પાછળ ગોત્રી, વડોદરા શહેર અને તેમની પત્ની સુધાબેન ઉર્ફે સ્નેહાબેનની રાજકોટ પેરોલ ફર્લો સ્કોવડની ટીમે ધરપકડ કરી હતી. આ કામગીરીમાં પોલીસ ઈન્સ્પેકટર ભાર્ગવસિંહ એમ. ઝણકાટ તથા તથા એ.એસ.આઇ. અમૃતભાઇ મકવાણા, ઝહીરભાઇ ખફીફ, ધર્મેન્દ્રસિંહ ઝાલા, પો.હેડ કોન્સ. શાંમતભાઈ ગઢવી, રાજદીપસિંહ ચૌહાણ, સીરાજભાઈ ચાનીયા, રોહિતભાઈ કછોટ, પો. કોન્સ. કુલદીપસિંહ જાડેજા, શાંતુબેન મુળીયા, ભુમીબેન ઠાકર અને ડ્રા. પો. કોન્સ. દોલતસિંહ રાઠોડ એ કરી હતી.

# રૈયાગામમાં જૂના ઝઘડાનો ખાર રાખી યુવકને મિત્ર સહીત પાંચે લમધાર્યો

**મુખ્ય સમાચાર, રાજકોટ**

રૈયાગામમાં રહેતા અને ભંગારનો વેપાર કરતા ફરીદભાઈ ઓસમાનભાઈ નોયડાના ભત્રીજા અમનને અગાઉના ઝઘડાનો ખાર રાખી તેમના મિત્ર રિયાન અને કામિલ સહિત પાંચ શખ્સોએ મારમારતા તેમના વિરુદ્ધ યુનિવર્સિટી પોલીસમાં ફરિયાદ નોંધાઈ છે. ફરીદભાઈએ ફરિયાદમાં જણાવ્યું હતું કે, તેઓ ગુજરાત પસ્તી ભંડાર નામે દુકાન ચલાવુ છુ અને ત્યા ભંગાર લે વેચનુ કામ કરૂ છુ.ગઈ તા. ૨૧ના રોજ હુ મારા ભંગારના ડેલો નાણાવટી ચોક ધરમનગર મેઈન રોડ ખાતે હતો

ત્યારે મારા ભત્રીજા અમન સલીમભાઈ નોયડાનો મને ફોન આવેલો અને મને જણાવેલ કે,હુ અત્યારે જે.કે.પાર્ક રૈયાગામ પાછળ મેદાનમા છુ મને અહી રીયાન તથા કામીલે ફોન કરીને મારે અગાઊ ઝગડો થયેલો હોય જે બાબતે સમાધાન કરવા માટે બોલાવેલો હતો અને ત્યા હુ જતા આ રીયાન અને કામીલ સહિતનાઓ એ મને માર મારેલો છે અને હુ ઘરે આવુ છુ.જેથી તેવી વાત કરતા હુ તેના ઘરે ગયેલો અને ત્યારે અમનને ઘરે જઈ બનાવ બાબતે પુછતા તેને મને જણાવેલ કે, મારે રીયાન તથા કામીલ સાથે અગાઉ ઝગડો થયેલો હોય,જેનુ સમાધાન કરવા સારુ મને રીયાને જે.કે. પાર્ક રૈયાગામ પાછળ આવેલા મેદાનમા બોલાવેલો હતો અને ત્યા હુ તથા મારા મીત્રો અરમાન અને રેહાન પહોચતા, રીયાન તથા કામીલે મને ગાળો આપવા લાગતા મે ગાળો બોલવાની ના પાડતા રીયાને તેની પાસે રહેલો ધોકાનો એક ઘા ખંભા પાસે મારેલો હતો અને બાદમા રીયાન તથા કામીલ બંનેએ મને શરીરે ઢીકા પાટુનો માર મારવા લાગેતા મને અરમાન તથા રેહાન છોડાવવા વચ્ચે પડતા તેઓને પણ ઢીકા પાટુનો માર મારેલો હતો. આમ થોડીવારમા પાછળથી બીજા અન્ય ત્રણેક માણસો રીક્ષા તથા મો.સા લઈને ત્યા આવી જતા તેઓ પણ મારી સાથે બોલાચાલી, ઝગડો કરવા લાગેલા હતા અને તેમાથી એક માણસ પાસે તલવાર હતી.બાદમા હુ રાડા રાડી કરવા લાગતા આ લોકો ત્યાથી જતા હતા ત્યારે કામીલ તથા રીયાને મને કહેલ કે જો આ ઝગડાની વાત કોઈને કહીશ તો તને જાનથી મારી નાખીશુ, બાદમા હુ ઘરે આવી ગયેલો હતો. આ મામલે યુનિવર્સિટ પોલીસમાં ફરીયાદ નોંધાઈ છે.

# મેટોડા જીઆઈડીસીમાં ફેક્ટરીના સ્ટોર રૂમનું તાળું તોડી ૭.૪૨ લાખના રો-મટીરીયલની ચોરી

**મુખ્ય સમાચાર, રાજકોટ**

કાલાવડ રોડ પર આવેલ મેટોડા જીઆઈડીસીમાં પીવીસી પાઈપ બનાવતી ફેક્ટરીમાં બારીનું તાળું તોડી ત્રાટકેલા તસ્કરો સ્ટોર રૂમનું તાળું તોડી ૭,૪૨,૪૪૦ રૂપિયાનું ૯૨૦ કિલો રો મટીરીયલ ચોરી કરી નાસી જતા ચકચાર મચી જવા પામી છે એક મહિના પૂર્વે બનેલા બનાવ અંગે ચીફ એકાઉન્ટન્ટે મેટોડા પોલીસમાં ફરિયાદ નોંધાવતા પોલીસે તપાસ હાથ ધરી છે.

આ અંગેની માહિતી મુજબ રાજકોટના જીવરાજ પાર્કમાં શુભમ ગ્રીનમાં રહેતા અને મેટોડા જીઆઈડીસી ગેઈટ નંબર ૩માં સુમો પોલી પ્લાસ્ટ નામની ફેક્ટરીમાં ત્રણ વર્ષથી ચીફ એકાઉન્ટન્ટ તરીકે ફરજ બજાવતા ધર્મેશભાઈ અશોકભાઈ સતારા ઈ.૪૩એ મેટોડા પોલીસમાં નોંધાવેલી ફરિયાદમાં જણાવ્યું હતું કે ગત ૨૪ એપ્રિલના રોજ સવારે નોકરી પર ગયો ત્યારે સ્ટોર રૂમના સ્ટોર ઇન્ચાર્જ આકાશ યાદવએ જણાવેલ કે ગત રાત્રે મેં સ્ટોર રૂમ બંધ કર્યો હતો સવારે આવીને જોયું તો સ્ટોર રૂમના શટરનું તાળું તૂટેલું હતું જેથી ચેક કરતા બ્રાસ પાઈપ ફીટીંગના રો-મટીરીયલની અલગ અલગ ૨૩ બેગીઓ જેમાં એક બેગીમાં ૪૦ કિલો મળી કુલ ૯૨૦ કિલો રો મટીરીયલ જેની કીમત ૭,૪૨,૪૪૦ રૂપિયા થતી હોય પરંતુ અમારા કંપનીના પ્લાન્ટ ઇન્ચાર્જ અરૂણકુમાર મિશ્રા લગ્નમાં વતન યુપી ગયા હોય તેને જાણ કરતા હું આવું પછી ચેક કરી લઉં તેમ કહેતા તે આવી જતા ચેક કરી અંતે ફરિયાદ નોંધાવતા પીઆઈ શર્માએ ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.

# કાલાવડ રોડ પર કાર માં ૧૦ લાખની રોકડ સાથે સોફ્ટવેર એન્જિનિયરની અટકાયત

### કાર ચેક કરતાં ૫૦૦ના બંડલ મળી આવ્યાઃ રોકડ વિશે યોગ્ય ખુલાસો ન મળતા માલવીયાનગર પોલીસે રકમ કબજે લીધીઃ ઇન્કમટેકસ વિભાગને કરાશે જાણ

**મુખ્ય સમાચાર, રાજકોટ**

શહેરમાં વાહન ચેકિંગ દરમિયાન કાલાવડ રોડ ઉપરથી હોન્ડા સીટી કારમાં ૧૦ લાખની રોકડ રકમ સાથે સોફ્ટવેર એન્જિનિયર માલવીયાનગર પોલીસને હાથ લાગ્યો હતો. રોકડ વિશે યુવક કોઈ સ્પષ્ટતા કરી ન શકતા પોલીસે હાલના તબકકે રકમ શંકાસ્પદ ગણીને રોકડ કબજે લીધી છે. ૧૦ લાખની રકમ હોવાથી ઈન્કમટેક્સ વિભાગને પણ જાણ કરવાની પોલીસે તજવીજ હાથ ધરી છે.

કાલાવડ રોડ ઉપર અન્ડરબ્રિજથી કોટેચા ચોક તરફ આવતા સ્વામીનારયણ મંદિરની સામેની સાઈડમાં વાહન ચેકિંગ દરમિયાન માલવીયાનગર પોલીસ મથકના ડી-સ્ટાફના પીએસઆઈ એમ. જે.ધાંધલ અને સ્ટાકે બ્રાઉન કલરની હોન્ડા સિટીકાર અટકાવી હતી. આ કારની તલાશી લેતા પાછળ ડેકીમાંથી પ્લાસ્ટીકની થેલીની અંદરથી ૫૦૦ના દરની ૧૦ લાખની નોટ મળી આવી હતી. પોલીસે કારચાલકની પુછપરછ કરતા તેણે પોતાનુ નામ મોબા શશીર આરીફ સીદીકી શેઠ હોવાનું જણાવ્યુ હતુ. પોતે વ્યવસાય સોફ્ટવેર

એન્જિનીયર છે. આ રકમ બાબતે તેણે પોલીસ સમક્ષ કોઈ સ્પષ્ટતા કરી ન હતી ગોળ ગોળ જવાબ આપ્યા હતા જેથી લાખોની રકમ શંકાસ્પદ જણાતા પોલીસે કબજે લીધી હતી. રૈયા રોડ પરના સુભાષનગરમાં રહેતા સોફ્ટવેર એન્જિનિયર કાર ચાલકના પિતા બિલ્ડિંગ મલ્ટીરીયલનો વ્યવસાય કરતા હોવાનું જાણવા મળે છે.

માલવીયાનગર પોલીસે રોકડ રકમ કબજે લઈ પુવકને તપાસ અર્થે જયારે બોલાવે ત્યારે હાજર થવાની શરતે નોટીસ આપીને મુકત કર્યો હતો. રોકડ રકમ ક્યાંથી આવી અને કોર્ની છે ? સહિતના મુદ્દે પોલીસે તપાસ હાથ ધરી છે. ૧૦ લાખ જેવી માતબર રકમ હોવાથી ઈન્કમટેકસ વિભાગને પણ જાણ કરવામાં આવી હોવાનું જાણવા મળે છે.